# યુસુફે ઝહેરા

# ઈમામે મહદી (અ.સ.)

## ભાગ : ૨

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

નાફેલા (નમાઝે શબ), ઝીચારતે આશુરા, ઝીચારતે જામેઆ પડવાની તાકીદ


૧. ૧૦ વર્ષના બાળકને શિફા મળી.
૨. બહરૂલ ઓલુમ (અ.ર.)ને ઇમામ અ.સ.ની મુલાકાત
૩. મુલાકાતનો દાવો ન કરવો જોઇએ.
૪. મા-બાપને ખુશ રાખો.
૫. એક આલિમે દિનને ઇમામ અ.સ. ની મુલાકાત.
૬. હઝરતની ઇનાયતથી પત્નીને શિફા મળી.
૭. દાડમનો પ્રસંગ
૮. ઇમામે વકત મોઅમીનોની પનાહગાહ છે.
૯. મુકદદ્સે અર્દબેલી (અ.ર.)ને ઇમામની મુલાકાત.
૧૦. શેખ મુર્તઝા અન્સારી (અ.ર.)ને ઇમામ અ.સ.ની મુલાકાત
૧૧. ઝવ્વારે ઇમામ અ.સ.ને પરેશાન કરનાર ખાદીમનો અંજામ.
૧૨. આંખથી થતા ગુનાહથી બચવાને કારણે ઇમામ અ.સ. થી મુલાકાત.
૧૩. ઇમામ અ.સ.ની સલામતી માટે સદકો કાઢયો.
૧૪. અબુ મોહમ્મદ અંધ થઇ ગયો.
૧૫. ઇબ્રાહીમ ઇબ્ને મહેઝીચારને ઇમામ અ.સ.ની મુલાકાત
૧૬. પતિ-પત્નીના મતભેદનુ સમાધાન
૧૭. શેખ મુફીદ અ.ર.ને ઇમામ અ.સ.નો પત્ર.
૧૮. ઇમામ અ.સ.ને દરેક વસ્તુની માહિતી છે.
૧૯. પગના ઝખ્મમાંથી શિફા મળી.
૨૦. હાજી અલી બગદાદીને ઇમામ અ.સ.ની મુલાકાત
૨૧. ગચબતે ઇમામ અ. માં આપણી જવાબદારી : ઇમામ હુસૈન અ. પર રડવું
૨૨. આપણી ઇમામ અ. પ્રત્યેની ફરજઃઇમામના વિયોગના દુઃખમાં શોકમગ્ન બનવું.
૨૩. આપણી ત્રીજી જવાબદારી : ઇન્તેઝાર
૨૪. ઇમામે અસ્ર અ.ના શિયાઓ સાથે દોસ્તી કરવી અને મદદરૂપ થવું.
૨૫. ઇમામે ઝમાના અ.સ.ની ખુશી માટે ખર્ચ કરવો.
૨૬. ઇમામ અ.ને દિલથી ચાહવા અને કલામ થકી ઇમામ અ.ની મદદ કરવી.
૨૭. પવિત્ર ઇમામો અ.મુ.સ.ની પ્રશંસામાં કલામ રચવા.
૨૮. ઇમામ અ.સ.માટે દુઆ કરવી.
૨૯. ઇમામે ઝમાના અ.સ. માટે દુઆ કરવાના કેટલાક ફાયદાઓ.
૩૦. ઇમામે ઝમાના અ.સ. માટે કેટલીક દુઆઓ.


PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# પ્રસ્તાવના

હાલમાં આપણા ઈમામે ઝમાના અ.સ. ગયબતમાં છે, તેનો મતલબ એવો નથી કે ઈમામ અ.સ. આખી દુનિયાથી સાવ અલગ થઈ એકાંતમાં કોઈ અજ્ઞાત સ્થળે જીંદગી વીતાવે છે. ગયબતનો અર્થ એ છે કે લોકોને ઈમામ અ.સ. ના રહેઠાણનું જ્ઞાન નથી. અગર તેઓ ઈમામ અ.સ. ને જુએ તો પણ તેમને ઓળખી શકતા નથી. ઈમામ સાદિક અ.સ. એક હદીસમાં ફરમાવે છે : '' લોકો તેમને જુએ છે પણ તેમને ઓળખી શકતા નથી'' (મુન્તખબુલ અસર ભાગ-૨, પા. ૩૦૧)

આપણે આપણી ગુનેહગાર નજરોથી ઈમામને તો નથી જોઈ શકતા પરંતુ ઈમામ અ.સ. આપણને જરૂર જોઈ રહ્યા છે. અગર કોઈને આ વાતનો અહેસાસ થાય કે દરેક પળે ઈમામ અ.સ.ની નજરોની સમક્ષ છે તો ઘણાબધા ગુનાહોથી બચી જશે. ફકત નેક કાર્યોજ ઈમામ અ.સ.ની નઝદીકીનું કારણ છે.

ઈમામે ઝમાના અ.સ. અલ્લાહનો દરવાજો (બાબુલ્લાહ) છે અને અસ્માઉલ્લાહ (અલ્લાહનુંનામ) પણ છે. અગર આપણે આ મહત્વપૂર્ણ વસીલાની મદદથી દુઆ માગીશું તો દુઆઓ કબુલ થશે.

ઈ. રેઝા અ.સ. ફરમાવે છે કે ઈમામ એક મદદગાર છે, એક દોસ્ત છે, એક વાત્સલ્ય ભર્યા પિતા છે, એક ચાહનારા ભાઈ છે, એક એવી મા છે જે પોતાના નાનકડા બાળકને ભરપુર પ્યાર કરે છે (ઉસુલે કાફી ભાગ - ૧ પે. ૨૦૦)

યકીનન ઈમામ અ.સ. આપણને સગા મા-બાપ કરતા પણ વધુ ચાહે છે. તકલીફમાં આપણે ઈમામ અ.સ. ને તકલીફ જણાવવી જોઈએ. ઈમામ અ.સ. ની શક્તિ અને તાકાત ઉપર એક નજર કરીએ તો ઈમામ અ.સ. આ દુનિયાના પટ ઉપર અલ્લાહની હુજ્જત છે. આપણને એ વાતનો વિશ્વાસ હોવો જોઈએ કે આપણા ઈમામ અ.સ. આપણી મદદ કરશે કારણ કે એક મહેરબાન પિતાને પોતાના પરેશાન પુત્રની હાજતો પુરી કરવામાં આનંદ થશે.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# કિસ્સો - ૧

## નાફેલા (નમાઝે શબ), ઝિયારતે આશુરા, ઝિયારતે જામેઆ પડવાની તાકીદ

સાલેહ તકી સૈ. હાશીમ મુસવી તાઝીર સાકીન રશ્તથી રિવાયત કરેલ આ પ્રસંગને નજમુસ્સાકીબ નામની કિતાબમાં લખવામાં આવ્યો છે. તેઓ વરઅ અને તકવામાં બહુ મશહુર હતા. ઈબાદતગુઝાર ઈતાઅતગુઝાર અને ઝીયારત અને હકકોની અદાયગીમાં પાબંદ હતા. તેઓ બયાન કરે છે કે હિ. ૧૨૮૦ માં હું હજ્જે બૈતુલ્લાહનાં ઈરાદાથી લબરેઝ આવ્યો હતો. અને હું હાજી સફરઅલી તાજીર તબરેજીના ઘરે મહેમાન તરીકે રહ્યો. આ દિવસોમાં હજ માટે કોઈ કાફલો જવાનો ન હોવાથી હું થોડા દિવસ ત્યા મહેમાન તરીકે રહ્યો. ત્યા સુધી કે હાજી હબ્બાર જુલૂદાર થોડો સામાન લઈને મકામે તરબુઝ જતા હતા. હું પણ તેમની સાથે સવારી ભાડે કરીને ચાલવા લાગ્યો.

ખ્યાલ એ હતો કે કોઈ કાફલો આગળ જઈ રહ્યો છે અને ભયંકર (ડરામણો) રસ્તો આવવાનો છે. તેથી અમે જલદી રવાના થવાનું નકકી કર્યુ અને સુબ્હથી ત્રણ કલાક પહેલા રાત્રે રવાના થયા. હજી થોડું અંતર કાપ્યુ હતું ત્યા તો આસમાનમાંથી સખ્ત બરફનો વરસાદ શરૂ થઈ ગયો. મારા સાથીઓએ ચેહરા ઢાંકી દીધા અને ઝડપથી અગળ વધવા લાગ્યા. મે કોશીષ કરી. પરંતુ હું સાથે રહી શક્યો નહીં, અને પાછળ રહી ગયો. એટલે સુધીકે હું ઘોડા ઉપરથી ઉતરીને એક જગ્યાએ બેસી ગયો. તે સમયે હું એકલો અને ડરેલો હતો. મારી પાસે ૬૦૦ તુમાન હતા. ઘણુ વિચાર્યા પછી નકકી કર્યુ કે સવાર સુધી અહીં રહીશ. પછી મારા સ્થળે પાછો ફરી જઈશ. અને કેટલાક સાથીઓને હીફાઝત માટે સાથે લઈશ. આ સોચ વિચારમાં મેં મારી સામે એક બાગ (બગીચો) જોયો, અને જોયુ કે તેમાં એક સાહેબ વૃક્ષ પરથી બરફ સાફ કરી રહ્યા છે. મને જોઈને તેઓ મારી પાસે આવ્યા અને થોડા દુર ઉભા રહીને મને પુછ્યુ. ''તમે કોણ છો ?'' મે કહ્યુ ''મારા સાથીઓ આગળ ચાલ્યા ગયા છે, અને હું એકલો પડી ગયો છું, અને રસ્તો મને મળતો નથી.'' તેમણે ફારસી ભાષામાં, મને કહ્યુ, ''નાફેલા (નમાઝે શબ) પઢો, રસ્તો મળી જશે.'' તેમનું ફરમાન સાંભળીને હું નાફેલા (નમાઝે શબ) પઢવા લાગ્યો. મે નમાઝે તહજ્જુદ (નમાઝે શબ) પુરી કરી, ત્યા તે સાહેબ ફરી મારી પાસે આવ્યા, અને ફરમાવ્યુ કે ''તમે હજી નથી ગયા ?'' મે કહ્યુ, ''રસ્તો નથી જાણતો, કયાં જાઉ ?'' ફરમાવ્યુ કે ''જામેઆ (ઝીયારતે જામેઆ) પઢો.'' પરંતુ મને ઝીયારતે જામેઆ યાદ ન હતી. પરંતુ હું ઘણી વખત આ ઝીયારત પઢતો હતો. તેથી મે ઝીયારત પઢવાનું શરૂ કર્યુ અને પુરી ઝીયારત પઢી લીધી. ત્યારે ફરી વખત તે સાહેબ આવ્યા અને કહ્યુ, ''તમે અહીજ છો, ગયા નથી.'' તે સમયે હું બે ઈખ્તેયાર રડવા લાગ્યો અને કહ્યુ કે ''હું શું કરૂ, હું રસ્તોજ નથી જાણતો'' તેમણે ફરમાવ્યુ ''ઝીયારતે આશુરા પઢો.'' પરંતુ ઝીયારતે આશુરા પણ મને ઝબાની યાદ ન હતી. પરંતુ મે પડવાનું શરૂ કર્યુ તો મે પુરી ઝીયારત લાઅનત, સલામ, અને દુઆ સાથે પઢી લીધી. તો ફરી વખત તે બુર્ઝુગવાર મારી પાસે આવ્યા અને કહ્યુ, ''તમે ગયા નથી, હજી અહી જ મૌજુદ છો ?'' મે મારી મજબુરીનો ઈઝહાર કર્યો. ત્યારે તેઓએ ફરમાવ્યુ, ''સારૂ, હું તમને તમારા કાફલા સુધી પહોંચાડી દઉ છું.'' તેઓ સવારી પર સવાર થયા અને મને કહ્યુ કે પાછળ બેસી જાઓ. હું બેસી ગયો, અને મારા ઘોડાની લગામ ખેંચી, પરંતુ તે જગ્યાથી હરકત ન કરી. તેમણે કહ્યુ કે ''લગામ મને દયો'' મે લગામ તેમના હાથમા દીધી, ઘોડો તેમની જાતે ચાલવા ગયો અને અમે રસ્તા ઉપર આવી ગયા.

ચાલતા જ તેઓએ મારા ઝાનુ (ગોઠણ) ઉપર હાથ રાખીને હીદાયત કરી, કે તમે નાફેલા (નમાઝે શબ) શા માટે નથી પઢતા ? નાફેલા, નાફેલા, નાફેલા, ત્રણ વખત ફરમાવ્યુ. પછી તેજ રીતે

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

હુકમ આપ્યો કે ઝીયારતે આશુરા શા માટે નથી પઢતા. (ઝીયારતે) આશુરા, આશુરા,આશુરા પછી હીદાયત કરી કે (ઝીયારતે) જામેઆ શા માટે નથી પઢતા. જામેઆ, જામેઆ, જામેઆ. તે વખતે રસ્તો ઝડપથી પસાર થઇ રહ્યો હતો, એકાએક ફરમાવ્યુ કે સામે તમારા સાથીદારો છે. જેઓ નદી કીનારે નમાઝે સુબ્હ માટે વુઝુ કરી રહ્યા છે. આટલુ કહીને તેઓએ મને સવારી ઉપરથી ઉતારી દીધો. ત્યાર પછી હું મારા ઘોડા ઉપર સવાર થવા ઇચ્છતો હતો, પરંતુ સવાર ન થઇ શક્યો. તેઓ ખુદ ઉતર્યા અને મને સવાર કરીને ઘોડાના ચહેરાને એ તરફ કરી દીધો જે તરફ મારા સાથીઓ હતા. તે સમયે મને ખ્યાલ આવ્યો કે આ સાહેબ (બુર્ઝુગવાર) કોણ છે, જેણે મારી સાથે ફારસી માં વાત કરી. જો કે આ વિસ્તારમાં આ ભાષા બોલાતી નથી. અને કેટલી મહેરબાનીથી તેઓએ મને મારા દોસ્તો (સાથીઓ) થી મુલાકાત કરાવી દીધી. હવે હું જોઉ છુ તો તે સાહબ (ઇ. ઝમાના હ. મહદી અ.સ.) ગાએબ થઇ ગયા અને કોઇ નિશાન પણ દેખાતુ ન હતુ. ત્યાર પછી હું મારા સાથીઓ પાસે પહોંચી ગયો (ઇરફાને ઇમામત, કિસ્સો - ૪૬)

## કિસ્સો - ૨
## ૧૦ વર્ષના બાળકને શિફા મળી

વસ્સાએલુશ્શીઆ અને બીજી કેટલીક ઇલ્મી કિતાબોના લેખક મહાન આલિમે દીન મ. શેખ હુર્રે આમેલી અ.ર. કિતાબ અસ્બાતુલ હોદા માં લખે છે કે

‘‘હું લગભગ ૧૦ વર્ષનો હતો, ત્યારે એવો બિમાર પડી ગયો કે હકીમો અને ડોકટરો મારા ઇલાજ કરવાથી થાકી ગયા. મારા દોસ્તો અને સગા સંબંધીઓ મારી પથારીની આજુબાજુ ભેગા થઇ ગયા હતા,અને મારા મૌતના ઇંતેઝારમાં હતા. તેઓને યકીન થઇ ગયુ હતુ કે હું મરી જઇશ. તેઓ રડવામાં મશગુલ હતા.

આ રાત્રે મે સ્વપ્નમાં હ. રસુલે ખુદા સ.અ.વ. તથા બાર ઇમામોની ઝીયારત કરી. મે જોયુ કે તેઓ મારી આજુબાજુમાં ઉભા છે.

મે તેઓની ખીદમતમાં સલામ કરી અને દરેકની સાથે મુસાફેહો કર્યો. હ. ઇ. જાફરે સાદિક અ.સ. અને મારી વચ્ચે વાતચીત થઇ, જે મને અત્યારે યાદ નથી. પરંતુ મને એટલુ યાદ છે કે આપ હઝરત અ.સ. એ મારા હકકમાં દુઆ કરી અને જયારે મેં હ. ઇમામે વલીએ અસ્ર અરવાહુલ આલમીન લહુલ ફીદા (ઇમામ મહદી અ.સ.) ની સાથે મુસાફેહો કર્યો, ત્યારે મે રડતા રડતા અર્ઝ કરી કે મને ડર લાગે છે કે કદાચ હું આ બિમારીમાં મરી જઇશ, અને ઇલ્મ હાંસીલ કરવાનો મારો ઇરાદો પુરો નહીં થાય.

આપ (ઇમામ મહદી અ.સ.) એ ફરમાવ્યુ, ‘‘ડરો નહીં તમને આ બિમારીથી મૌત નહીં આવે, અલ્લાહ (ત.ત.) તમને શીફા આપશે તમારી લાંબી ઝીંદગી થશે.’’ ઇમામ અ.સ. ના હાથમા પાણીનું એક વાસણ હતું. તેઓએ મને દીધુ અને પાણી પીવા કહ્યુ મે તરતજ તે પાણી પીધુ. તો તરતજ મને શિફા (તંદુરસ્તી) મળી ગઇ અને મારી બિમારી પુરે પુરી ખત્મ થઇ ગઇ. મારા સગાસંબંધીઓ જેઓ ત્યા બેઠા હતા, તેમને ખુબ નવાઇ લાગી, અને તેઓ અચંબામાં પડી ગયા ત્યા સુધી કે મે અમુક દિવસો પછી પ્રસંગ બયાન કર્યો.

(મુલાકાતે ઇ. ઝમાના અ.સ. ભા.-૧ કિસ્સો ૫૨ પે. ૨૫૦)

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# કિસ્સો - ૩

## બહરૂલ ઓલુમ અ.ર. ને ઈમામ અ.સ. ની મુલાકાત

મશહુર કિતાબ મુન્તહુલ અઅમાલમાં મોહદ્દીસે કુમ્મી, અલ્લામા જલીલુલ કદ્ર આલિમ ઝયનુલ આબેદીન સલમાસી અલ્લામા બહરૂલ ઉલુમ (રહ.) ના પ્રબંધ કર્તા થી મનકુલ છે કે : જે સમયે અલ્લામા બહરૂલ-ઉલુમ (ર.) મકકાએ મોઅઝઝમાં માં રહેતા હતા, અને હનફી, શાફેઇ, હમ્બલી, અને માલેકી, આલીમોને દર્સ આપી રહ્યા હતા. તે વખતે આપની બક્ષીસ અને અતાઓના કારણે આપનો ખર્ચ બહુજ વધી ગયો હતો. ખર્ચ બહુજ વધી જવાના લીધે મારી પાસે એક પૈસો પણ ન હતો મે સૈયદને અર્ઝ કરી કે ખર્ચ એટલો બધો છે પરંતુ મારી પાસે એક પાઇ પણ નથી. આપે કાંઇ જવાબ ન આપ્યો. આપનો નિત્યક્રમ એ હતો કે આપ સવારે ખાનએ કાબામાં તવાફ માટે તશરીફ લઇ જતા પછી ઘરે પાછા ફરીને પોતાના ખાસ ઓરડામાં જતા, ત્યાં જઇ હુકકો પીતા. ત્યાર પછી ત્યાથી બહાર આવીને બીજા ઓરડામાં જતા જયાં વિવિધ પંથના વિદ્યાર્થીઓ ભેગા થતા અને તે દરેકને તેમનાજ પંથ મુજબ તેઓને દર્સ આપતા. હું આગલા દિવસે તેઓને તંગદસ્તીની ફરીયાદ કરી ચુક્યો હતો, તે પછી તવાફ કરીને આવ્યા પછી હજુ તો મે તેઓની ખીદમતમાં હુકકો રજુ જ કર્યો હતો ત્યા અચાનક કોઇકે બારણે ટકોરો માર્યો મે જોયુ કે ટકોરાનો અવાજ સાંભળીને સૈયદ એકદમ બેચેન થઇ ગયા અને ફરમાવયું : કે અહીથી હુકકો બહાર લઇ જાવ, અને પોતે ઝડપથી ઉભા થઇને બારણુ ખોલી નાખ્યું. મે જોયુ કે અરબનો પોશાક પરિધાન કરેલા એક જલીલુલકદ્ર શખ્સ પધાર્યા, ઓરડામાં આવીને સૈયદના ઓરડામાં બેસી ગયા. સૈયદ ખુબજ આજેઝી અને નમ્રતા સાથે અદબ પુર્વક દરવાજા પાસે ગયા. તેઓએ મને હુકકો પાસે ન લાવવાનો ઈશારો કર્યો. સૈયદ અમુક સમય સુધી તેઓ સાથે વાતચીતમાં મશગુલ બેસી રહ્યા. ત્યાર પછી તે શખ્સ ઉભા થયા. સૈયદે તુરંતજ ઉભા થઇ દરવાજો ખોલ્યો, તે શખ્સના હાથને ચુમ્યા અને દરવાજા પાસે ઉભા રહેલ ઉટ ઉપર તેઓને સવાર કર્યા. તે શખ્સ ચાલ્યા ગયા. સૈયદ પાછા ફર્યા ત્યારે તેઓના ચહેરાનો રંગ બદલાઇ ગયો હતો. તેઓએ મારા હાથમાં એક ચીઠ્ઠી આપીને ફરમાવ્યુ કે આ હવાલો છે તેને સફા અને મરવાની પહાડીઓની વચ્ચે રહેતા શરાફને આપ, અને તેના બદલામાં તે જે કાંઇ આપે તેને લઇ આવો. મે તે ચીઠ્ઠી લઇ જઇ ને શરાફના હાથમાં આપી. તે શરાફે તે ચીઠ્ઠી હાથમાં લઇને ચુંબન કર્યુ અને કહ્યુ : કે જાવ થોડા મજુર લઇ આવો હું મજુર ને લઇ આવ્યો. મજુરોએ શક્ય તેટલા ફ્રાંસીસી રીયાલ (ફ્રાંસના સીકકા) ઉઠાવી લીધા. હું મજુરોને લઇ પાછો ફર્યો હું એક દિવસ તે શરીફને મળવા માટે સફાના પહાડ ઉપર ગયો ત્યા મકાન કે કોઇ શરાફની દુકાન ન હતી. મે ત્યા આજુબાજુ રહેતા લોકોને પુછયુ તો જાણવા મળ્યુ કે : તેવા કોઇ શરાફને જોયો નથી કે ન તો તેઓ શરાફ વિશે કાંઇ જાણે છે.હું સમજી ગયો કે ખુદાના રહસ્યો પૈકીનું આ એક રહસ્ય છે. (ઇરફાને ઇમામત, કિસ્સો - ૩૧)

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## કિસ્સો - ૪
## મુલાકાતનો દાવો ન કરવો જોઇએ

અલ્લામા બહરૂલ ઓલુમનો બીજો એક મહત્વનો પ્રસંગ છે. અલ્લામા મજલીસી (ર.) નોંધે છે કે : આકાએ ઝૈયનુલ આબેદીન સલમાસીનું બયાન છે કે : હું અલ્લામા બહરૂલ ઓલુમ (ર.) ની બેઠકમાં હાજર હતો, ત્યારે એક માણસે તેઓને પ્રશ્ન કર્યો કે ગયબતે કુબરાના ઝમાનામાં અ.ત.ફ.શ. ના દીદાર થવા શક્ય છે ? તે વખતે બહારૂલ ઓલુમ (ર.) ના હાથમાં હુકકાની નળી હતી. તેઓએ મસ્તક ઝુકાવી દીધુ અને આ પ્રમાણે ધીમેથી બોલ્યા, જે મે સાંભળ્યુ :

આ માણસને હું શું જવાબ આપુ ? હકીકતમાં તો ઇ. ઝમાના અ.સ. મને આલીંગન આપી (છાતી સરસા ભેટી) ચુક્યા છે. બીજી બાજુ હદીસમાં વારીદ થયુ છે કે : જે માણસ ગયબતના ઝમાનામાં (તેઓ અ.સ.) ને જોવાનો દાવો કરે તેને જુઠલાવી દો. ત્યાર પછી ઓલમાએ આ વાત ઘણી વખત ઉચ્ચારી. ત્યાર પછી પૂછનારને જવાબ આપતા ફરમાવ્યુ : માઅસુમીન અ.સ.ની હદીસોમાં વારીદ થયુ છે કે હ. હુજ્જત (અ.ત.ફ.શ.) ને જોવાનો દાવો કરનારને જુઠલાવી દો. અલ્લામાએ તે માણસના જવાબમાં ઉપરના વાક્ય સિવાય બીજુ કાંઇ ન કહ્યુ, અને તેના જવાબમાં આ વાક્ય પુરતુ સમજયુ. આ બનાવથી એ વાત જાણવા મળે છે કે : હ. ઇમામે ઝમાના (અજ.) ના દીદાર થવા શક્ય છે, પરંતુ (તેઓ અ. ને જોવાનો) દાવો હરગીઝ ન કરવો જોઇએ. તેનાથી કોઇ ખોટી દાનતવાળાને પોતાની દુકાન જમાવવાની તક પ્રાપ્ત થાય છે. (અલ મુન્તઝર ,હી.સ. ૧૪૧૫ પે. નં. ૧૮)

કિસ્સો - ૫

મા-બાપ ને ખુશ રાખો

બેહારના ૫૩ માં પુસ્તકના પાના નંબર ૨૪૫ માં અલ્લામા મજલીસી નોંધે છે કે : શેખ બાકર કાઝમીનું બયાન છે કે : એક સાદિક અને સાલેહ શખ્સ હતો જે બહુજ નેક માણસ હતો. તેના પિતા વૃધ્ધ હતા. તેણે પોતાના વૃધ્ધ પિતાની સેવા કરવામાં કદી ગફલત કરી ન હતી. તે તેના વૃધ્ધ પિતાની એટલી બધી સેવા કરતો કે તેના પિતા કુદરતી હાજત માટે જતા ત્યારે તે લોટાની જગ્યાએ લોટો મુકી દેતો. અને જયા સુધી તેના પિતા અંદર રહેતા ત્યા સુધી બહાર ઇન્તેઝાર કરતો. તે કયારેય પણ તેના પિતાથી દુર ન રહેતો અને હંમેશા પોતાના પિતાની ખીદમત કરવા માટે તત્પર રહેતો હતો. તે માણસ ફકત મંગળવારે સાંજે (એટલે બુધવારની શબ) મસ્જીદે સહેલામાં જતો અને તુરંતજ પાછો ફરી જતો મેં તેને મસ્જીદ જલ્દી છોડવાનું કારણ પુછ્યુ ત્યારે તેણે કહ્યુ : હું ચાલીસ મંગળવાર (બુધવારની શબ સુધી) મસ્જીદે સહેલા ગયો. જયારે ૪૦ માં મંગળવારે જવા માંગતો હતો, ત્યારે મગરીબના સમયે ત્યા જવાનું શક્ય ન બન્યુ. ત્યા જવા માટે એકલો રવાના થયો. ચાંદની રાત હતી, હું થોડોક જ આગળ વધ્યો હતો અને ત્રીજા ભાગનો રસ્તો હજુ બાકી હતો, તેવામાં એક અઅરાબીને જોયા. તેઓ ઘોડા ઉપર સવાર હતા. અને મારી તરફ આવી રહ્યા હતા. મે મારી જાતને કહ્યુ કે : આ માણસ મને (લુટીને) નિર્વસ્ત્ર કરી નાખશે. તે મારી પાસે પહોંચ્યો. તેણે મારી સામે ગામઠી ભાષામાં વાતચીત કરી અને હું કંઇ જગ્યાએ જાવ છું તે પુછ્યુ. મેં કહ્યુ કે મસ્જીદે સહેલામાં જઇ રહ્યો છું. તેણે પુછ્યુ : તારી પાસે ખાવા પીવાનું કંઇ છે ? મેં કહ્યુ ના. તેણે કહ્યુ કે : તારા ખીસ્સામાં હાથ તો નાખ. (આ વાક્ય તેણે ગામઠી ભાષામાં કહ્યુ) મે કહ્યુ : મારા ખીસ્સામાં કાંઇજ નથી. તેણે ફરીવાર તેજ વાત કરી. મે મારા ખીસ્સામા હાથ નાખ્યો. જેમા થોડા કીસમીસના દાણા હતા. જે મે મારા બાળકો માટે ખરીદયા હતા. અને તેને ખીસ્સામાં નાખીને ભુલી ગયો હતો, જે હજી સુધી ખીસ્સામાં પડ્યા હતા.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

તે પછી અઅરાબીએ મારી તરફ મુખ ફેરવીને ત્રણ વખત આ પ્રમાણે કહ્યુ : ઉસીક બીલ અવદ (અરબ બદ્દુની ગામઠી ભાષામાં વૃધ્ધ પિતાને અવદ કહેવાય છે) એટલે કે હું તારા વૃધ્ધ પિતા વિશે વસીયત કરૂ છું. આટલુ કહીને મારી નજરોથી ગાએબ થઇ ગયા. ત્યારે મને સમજણ પડી કે તેઓ હ. હુજજત અ.સ. છે અને હું મારા વૃધ્ધ પિતાથી જુદો થાવ તે વાતથી તેઓ રાજી નથી. એટલે સુધી કે હું મંગળવારની રાત્રે (બુધવારની શબે) પણ મારા પિતાથી જુદો થાવ તે વાત તેઓને પસંદ નથી. (ઈરફાને ઈમામત, કિસ્સો - ૧૫)

## કિસ્સો - ૬

## એક આલિમે દીનને ઈમામ અ.સ. ની મુલાકાત

કિતાબે મસાબીહમાં હાજી આકા રઝા હમદાની બયાન કરે છે કે : હ. હુજજત અ.ત.ફ.શ. કયારેક પોતાના ખાસ શિઆઓ સમક્ષ પોતાને જાહેર કરે છે. દા.ત. ૫૦ વર્ષ પહેલા એક અત્યંત પાકીઝા સીરત વાળા આલીમ અ.રહીમ દમાવંદી સાથે મુલાકાત કરી હતી. તેઓનું બયાન કરે છે કે હું મારા ઘરમાં રાત્રે બેઠો હતો. તે આટલી બધી અંધારી રાત હતી કે હાથ પણ સુજતા ન હતા. તે રાતે મે હઝરત અ.સ. ની ઝીયારત કરી. હઝરત કીબલા તરફ ઉભા હતા. આપના તેજસ્વી ચહેરા પરથી નુર ફેલાતુ હતી. તે નુર એટલુ બધુ પ્રકાશીત હતુ કે જમીન ઉપર બીછાવેલ પાથરણા પર કરવામાં આવેલી આકૃતિ પણ જોઈ શકાતી હતી.

(અલ મુન્તઝર હી. ૧૪૧૫, પેજ નં. ૧૯)

## કિસ્સો - ૭

## હઝરતની ઈનાયતથી પત્નીને શિફા મળી.

હુજજતુલ ઈસ્લામ વલ મુસ્લેમીન આકાએ હાજ શેખ મોહમ્મદ મુત્તકી હમદાની, જેઓના તકવા અને પરહેઝગારી જાણીતી હતી, તેઓએ નોંધ્યુ છે કે : તેઓની પત્ની અર્ધબેહોશીની હાલતમાં હતી ઈલાજ કરનારાઓ તેણીની સારવાર કરીને નીરાશ થઇ ચુક્યા હતા. એટલે સુધી કે ૨૨ સફર ૧૩૯૭ ના રોજ આકાએ મુત્તકીએ અડધી રાતે બારગાહે હઝરતમાં ફરીયાદ કરી. અને તેથી હઝરત અ.સ.ની ઈનાયતોથી તેમની પત્નીએ પુનઃ તંદુરસ્તી પ્રાપ્ત કરી. આ પ્રસંગનું આકાએ મુત્તકીએ પોતે વિગતવાર વર્ણન કર્યુ છે.

(અલ મુન્તઝર હી. ૧૪૧૫, પેજ નં. ૧૯)

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# કિસ્સો - ૮

## દાડમનો પ્રસંગ

અત્રે એક બનાવ પ્રસ્તુત કરીએ છીએ છીએ. જેનાથી ઇમામે (અ.) બેહરૈનના શિયાઓની મદદ કેવી રીતે કરી હતી તે સમજાય છે. બેહરૈન શહેર અંગ્રેજો ના કબ્જામાં હતુ. અંગ્રેજો એ ત્યાંના હાકિમ તરીકે એક મુસ્લીમની નિયુક્તી કરી હતી. બેહરૈનનો હાકિમ નાસબી હઝરત અલી અ.નો વિરોધી હતો. તેના દરબારમાં જે વઝીર હતો, તે તેની કરતા પણ પક્ષપાતી વલણ ધરાવતો હતો. બહરૈનના રહેવાસીઓની વસ્તીનો મોટોભાગ એહલેબૈત (અ.મુ.સ.)ના ચાહવાવાળા શિયાઓનો હતો. વઝીર તે લોકોનો સખ્ત દુશ્મન હતો. અને એવું ઇચ્છતો હતો કે ગમે તેમ કરીને શિયાઓની વસ્તી ખત્મ થઇ જાય. આ માટે હંમેશા કંઇકને કંઇક બહાના શોધ્યા કરતો હતો. એક વખત વઝીર એક દાડમ લઇને દરબારમાં ગયો. અને હાકીમ સમક્ષ દાડમ રજુ કર્યું. દાડમની છાલ પર લખેલુ હતુ : ' લાએલાહ ઇલ્લલાહ મોહમ્મદુર રસુલુલ્લાહ અબુબકર, વ ઉમર વ ઉસ્માન વ અલી ખોલફાઓ રસુલીલ્લાહ' હાકીમે તે દાડમને ધ્યાનથી જોયુ. તેને આ અક્ષરો કુદરતી રીતે જ લખાયા હોવાનું લાગ્યુ અને આ અક્ષરો કૃત્રિમ રીતે લખાયા હોવાનો અણસાર સુધ્ધા ન આવ્યો. આ જોઇને હાકીમે વજીરને કહ્યુ કે આ બહુજ સ્પષ્ટ દલીલ છે કે રાફઝીઓનો મઝહબ બાતિલ છે. આ બાબતમાં તમારો શો અભિપ્રાય છે ? વઝીરે તુરંતજ જવાબ આપ્યો કે : આ શિયાઓ (મઝહબી બાબતોમાં) પક્ષપાતી સમુહ છે. અને સ્પષ્ટ દલીલોનો પણ ઇન્કાર કરે છે. આપ હુકમ કરો તો બધા શિયાઓને અહીં ભેગા કરીને આ દાડમ દેખાડીએ. આ જોઇને તેઓ આપણો (ગૈર - શિયા) મઝહબ સ્વીકારી લેશે. તો આપણને બધો જ સવાબ મળશે. અને જો તેઓ આપણો મઝહબ સ્વીકારવાનો ઇન્કાર કરે તો તેમની સામે ત્રણ શરતો રજુ કરવી. અને હુકમ આપવો કે આ ત્રણમાંથી કોઇ એક શરત કબુલ કરો.

પહેલી શર્ત :- યહુદીઓ અને ઇસાઇઓની જેમ ટેક્ષ (મોટી રકમ કરવેરા રૂપે) આપે.

બીજી શર્ત :- આ સ્પષ્ટ દલીલોનો જવાબ લાવે, જે તેમના ગજા બહારની વાત છે.

ત્રીજી શર્ત :- તેઓમાંના પુરૂષોને કત્લ કરી નાખવામાં આવે, તેમની સ્ત્રીઓ અને બાળકોને કૈદી બનાવવામાં આવે અને તેમની મિલ્કત જપ્ત કરવામાં આવે. હાકીમે વઝીરની આ વાતને સ્વીકારી લીધી અને તુરતજ શિયા આલીમો અને બુઝુર્ગોને દરબારમાં બોલાવવામાં આવ્યા. તેઓને લખાણવાળુ દાડમ દેખાડવામાં આવ્યું એનો સંતોષકારક જવાબ આપવાનું કહેવામાં આવ્યુઅને તેઓ જવાબ ન આપી શકે તો ત્રણ શરતો રજુ કરવામાં આવી. તે દાડમ જોઇને શીયા આલીમો આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયા. અને તેનો જવાબ આપી ન શક્યા, તેઓના ચહેરાનો રંગ ઉડી ગયો. તેમના શરીર ધ્રુજવા લાગ્યા અને તેમના પગ નીચેથી ધરતી સરકવા લાગી. શિયા બુર્ઝુગોએ હાકીમ પાસેથી ત્રણ દિવસની મુદત માંગી અને કહ્યુ કે જો તેઓ ત્રણ દિવસમાં કોઇ જવાબ લાવી ન શકે તો હાકીમને યોગ્ય લાગે તે કરવાનો અધિકાર છે. મુદત મળી ગઇ. તમામ શિયાઓની મીટીંગ મળી. જેમાં તેઓમાંથી દસ મુત્તકી, પરહેઝગાર આલીમોને પસંદ કરી તેમાથી ત્રણ આલીમોને પસંદ કરવામાં આવ્યા અને કહેવામાં આવ્યુ કે ક્રમાનુસાર ત્રણેય આલીમે જંગલમાં જઇને ઇમામે ઝમાના (અ.સ.) ના વસીલાથી ખુદા પાસે મદદ માંગવી. તેઓમાંના એકે જંગલમાં જઇને સવાર સુધી ઇબાદત મુનાજાત અને દુઆઓમાં રાત ગુઝારી. તેમણે સવારે પાછા આવીને શિયા બુઝુર્ગોને ખબર આપી કે કોઇ ઉકેલ ન મળ્યો. બીજી રાતે, બીજા આલીમે જઇને તેઓજ અમલ કર્યો. તેમનેય ઉકેલ ન મળ્યો. ત્રીજી રાતે મોહંમદ બીન ઇસા નામના ત્રીજા આલીમનો વારો આવ્યો. મોહમ્મદ બીન ઇસા ઉઘાડા પગે અંધારી રાતમાં જંગલ તરફ ચાલ્યા. આખી રાત ખુદાની મદદ માંગતા રહ્યા અને શિયાઓ આ અસાધારણ મોટી બલા ટળી જાય તે માટે દુઆઓમાં મશ્ગુલ રહ્યા. તેમણે ઇમામે ઝમાના (અ.) ને ફરીયાદો કરી અને મદદ માંગવી શરૂ કરી.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

રાત્રીના છેલ્લા પહોરમાં તેમની નજર એકાએક એક શખ્સ પર પડી. જેઓએ તેમને સંબોધીને કહ્યુ : ‘‘અય મોહમ્મદ બીન ઈસા શું થયુ ? હું તમોને કેવી હાલતમાં જોઈ રહ્યો છું. આવા વેરાન જંગલમાં શા માટે આવ્યા છો ? તેમણે જવાબ આપ્યો. અય ભાઈ, તુ મને મારી હાલત પર છોડી દે, હું મોટી મુશ્કેલીમાં ફસાયો છું. હું મારી આ મુશ્કેલીને મારા ઈમામ (અ.) સિવાય કોઈને પણ નહીં કહું. તે શખ્સે કહ્યુ. અય મોહમ્મદ બીન ઈસા હું જ ‘સાહેબુલ અમ્ર’ છું, તમારા દિલની વાત મને કહો તેણે કહ્યુ ‘અય મારા આકા, જો આપ સાહેબુલ અમ્ર છો તો આપ જાણો છો કે હું કેટલી મોટી પરેશાનીમાં ઘેરાએલ છું. આપ અમારા ઈમામ છો અને અમને મુશ્કેલીઓમાંથી મુક્તિ અપાવનારા છો. ઈમામ અ. મે ફરમાવ્યુ, અય મોહંમદ બીન ઈસા વઝીરના ઘરમાં એક દાડમનું વૃક્ષ છે. વઝીરે દાડમના આકારનું માટીનું એક બીબુ (બ્લોક) બનાવેલ છે. જેના બે ભાગ છે. બન્ને ભાગોમાં તેણે એ અક્ષરો ઢાળેલા છે, જે બીબાને દાડમ સાથે લગાડી દીધા હતા. દાડમનું ફળ જરા મોટુ થયુ ત્યારે તે અક્ષર તેની ઉપર કોતરાઈ ગયા. કાલે તમે હાકીમ પાસે જાવ ત્યારે કહેજો કે અમે જવાબ લાવ્યા છીએ. જે અમે વઝીરના ઘરે જઈને આપીશું. તમે વઝીરના ઘરે જાવ ત્યારે ઘરના જમણા ભાગમાં ઉપર એક ઓરડો છે. જયારે તે ઓરડામાં પહોંચો ત્યારે હાકીમને કહેજો કે તમારો જવાબ આ ઓરડામાં છે. વઝીર એવા પ્રયત્નો કરશે કે હાકીમ તે જુએ નહી પણ તમે એ દેખાડવા માટે આગ્રહ કરજો. વઝીર ઉપર જાય ત્યારે તમે પણ સાથે જજો અને તેઓને એકલા મુકતા નહીં. તમે જેવા તે ઓરડામાં દાખલ થશો કે તુરતજ તમને દીવાલમાં એક બાકોરૂ દેખાશે. તેમા એક સફેદ થેલી હશે. તેમાંજ દાડમના અક્ષર કોતરવા માટેના બીબા છે. જે કાઢીને હાકીમની સામે રાખી દેજો. ત્યાર પછી દાડમને હાકીમ સામે રાખીને કહેજો કે અમે આપને એક બીજો મોઅજીઝો પણ દેખાડીએ છીએ. આ દાડમની અંદર માટી અને કીડાઓ સિવાય બીજુ કંઈ નથી. જો આપ આ હકીકત જાણવા માંગતા હો તો વઝીરને આ દાડમ ખોલવાનું કહો. વઝીર આ દાડમને તોડશે કે તરતજ તેનો ચહેરો માટી અને કીડાઓથી છવાઈ જશે.’’

મોહમ્મદ બીન ઈસાએ ઈમામ અ.સ.ના પવિત્ર મુખેથી આ વાત સાંભળીને ખુબજ રાજી થતા થતા ઘરે પાછા ફર્યા. સવારે લોકોની સાથે હાકીમના દરબારમાં જઈ પહોંચ્યા અને ઈમામ અ.સ.ના સમજાવ્યા મુજબની બધી બાબત પર અમલ કર્યો. હાકીમ આ બધુ જોઈ, સાંભળી ને આશ્ચર્યમાં ડુબી ગયો. અને તેણે મોહમ્મદ બીન ઈસા ને પુછ્યુ કે આ બધી માહિતી તમને કોણે આપી ? તેણે જવાબ આપ્યો કે, અમારા ઝમાનાના ઈમામે, જેઓ ખુદાની હુજજત છે. હાકીમે પુછ્યુ : તમારા ઈમામ કોણ છે ? ત્યારે તેણે એક એક કરીને બધા નામોનો પરિચય કરાવ્યો. આ પછી હાકીમે મોહમ્મદ બીન ઈસાને કહ્યુ કે તમારો હાથ લાવો, જેથી હું ગવાહી આપુ કે ખુદા સિવાય કોઈ અલ્લાહ નથી અને મોહમ્મદ સ.અ.વ. તેના બંદા અને પયગમ્બર છે. તેના પછી હ. અલી અ.સ. બિલા ફસ્લ ખલીફા છે. અને હું તમારા અઈમ્મા (અ.મુ.સ.) પર ઈમાન લાવુ છું. તે પછી હાકીમે વઝીરને કત્લ કરી નાખવાનો હુકમ આપ્યો. પછી તેણે બેહરૈનનાં લોકો (શિયાઓ) ની માફી માંગી અને તેમની સાથે સદવ્યવહાર કરવા માંડયો.

આ બનાવનું વર્ણન કરનારા કહે છે કે આ બનાવ બેહરૈનનાં નિવાસીઓ માં મશહુર છે. અને મોહમ્મદ બીન ઈસાની કબ્ર પણ ત્યા મૌજુદ છે. અને લોકો ત્યાં ઝીયારત માટે પણ જાય છે. (નજમુસ્સાકીબ ૩૧૪ બેહાર ૧૭૮/૫૨)

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## કિસ્સો - ૯
## ઈમામે વકત મોઅમીનોની પનાહગાહ છે.

જનાબ શૈખ અબુ અબ્દેલ્લાહીલ હુસૈન બીન અલહસન બીલ બાબવયા (ર.અ.) એ પોતાના મોહતરમ કાકા જનાબ જઅફર મોહમ્મદ બીન અલી બીન બાબવયા (ર.અ.) થી નકલ કરે છે કે પવિત્ર શહેર કુમના મારા બુર્ઝુગ ઉસ્તાદો માંથી એક ઉસ્તાદે આ પ્રસંગને નકલ કર્યો છે કે :

મારા ઉપર એક એવી મુસીબત આવી પડી કે જેમા મને ખુબ દુઃખ પહોચ્યુ. અને હું પરેશાની (મુસીબત) થી કંટાળી ગયો મને તે યોગ્ય ન લાગ્યુ કે હું મારા કુટુંબી કે દોસ્તોને આ મુસીબતની વાત કરૂ.

એક વખત હું ગમગીન અને દુઃખમાં સુઇ ગયો. મે સ્વપ્નમાં જોયુ તો નુરાની બુર્ઝુગવાર કે જેઓ ખુબસુરત દેખાતા હતા અને ખુબસુરત પોશાક પહેર્યો હતો. તેમના શરીરમાંથી સરસ ખુશ્બુ આવતી હતી. તેઓ મારી સામે ઉભા હતા. મે તેમને ઓળખી લીધા. તેઓ મારા ઉસ્તાદો માથી એક ઉસ્તાદ હતા, જેની પાસે મે કુમમાં શિક્ષણ લીધુ હતુ. મે મારા દિલને કહ્યુ, કયા સુધી મારી મુસીબતને છુપાવીને રાખુ. જનાબ તો મારા ઉસ્તાદ છે. હું મારી મુસીબત કહી દઉ, કદાચ રસ્તો મળી જાય. હું હજી તેમને વાત કરૂ તે પહેલાજ તેમણે વાત કરવાનું શરૂ કર્યુ અને ફરમાવ્યુ : જાઓ અને તમારા ઝમાનાના ઇમામ પાસે મદદ માંગો અને હીદાયત માંગો. તેમની પાસે રક્ષણ માંગો, કારણ કે તેઓ ઉત્તમ મદદગાર છે. અને મોઅમીનોની પનાહગાહ છે. તે પછી તેમણે પવિત્ર જમણો હાથ હથેળી પર ફેરવીને કહ્યુ " જાઓ અને તેમની ઝીયારત પઢો" તેની પર સલામ મોકલો, હું પણ ઇમામ અ.સ.ને ભલામણ કરીશ. કે તેઓ તમારા હુકમ દુનિયાઓના પાલનહાર પાસે શફાઅત અને ભલામણ કરે.

મે કહ્યુ, આપ મને બતાવો કે હું કેવી ઝીયારત અને સલામ પઢુ ? અને કેવી રીતે દુઆ માંગો ? કારણ કે આ મુસીબત માં હું બધીજ ઝીયારત અને દુઆ ભુલીગયો છુ આ સાંભળીને તેમણે એક લાંબો શ્વાસ લીધો અને કહ્યુ 'લાહવ્લ વલા કુવ્વત ઈલ્લા બીલ્લાહ' અને મારી છાતી ઉપર હાથ રાખી દીધો, કહેવા લાગ્યા કે અલ્લાહ તમારા માટે પુરતો છે. હવે તમારા ઉપર કોઇ મુસીબત નહી આવે. જાવ, ગુસ્લ કરો અને બે રકાત નમાઝ પઢો. આસમાનની નીચે અને કીબ્લા તરફ મોઢુ રાખીને ઝીયારત સલામુલ્લાહીલ કામેલુત્તામ પઢો. જયારે દુઆ અને ઝીયારત પુરી થઇ જાય પછી જે ચાહો તે માંગો.

આ સાંભળતાજ મારી આંખ ખુલ્લી ગઇ કે મારી મુશ્કેલીનો અંત હાથ વેતમાં છે. હવે મને રાત ઘણી લાંબી લાગવા લાગી. જે કાંઇ મને સ્વપ્નની હાલતમાં શિખવવામાં આવ્યુ હતું. તે હું ભુલી જાવ તે પહેલા મેં લખી લીધુ. ત્યાર પછી ગુસ્લ કર્યુ. આસ્માનની નીચે બે રકાત નમાઝ પઢ્યો. પહેલી રકાતમાં સુરે હમ્દ પછી સુરે ફત્હ પઢ્યો, જેવીરીતે કે તે આખો સુરો મારી નજર સામે છે. બીજી રકાતના હમ્દના સુરા પછી એઝાજાઅ નસ્રુલ્લાહ પડ્યો. નમાઝ પુરી કરીને પછી કીબ્લા રૂખ થઇને આ ઝીયારત પડ્યો. અને અંતમાં મારી હાજતો માંગી, અને મારા મૌલા અને આકા (ઇમામ સાહેબુઝ ઝમાન અ.ત.ફ.શ.) પાસે પનાહ ચાહી. પછી શુક્રનો સજદો બજાવી લાવ્યો અને એજ હાલતમાં મારી દુઆઓને એ સમય સુધી લંબાવી કે મને એ ડર લાગ્યો કે નમાઝે શબ કઝા થઇ જશે. નમાઝે શબ અને તેની તઅકીબાતો પુરી કર્યા પછી નમાઝે સુબ્હ પડયો. પછી મહેરાબમાં બેસીને દુઆ માંગતો હતો. ખુદાની કસમ ! હજુ સુરજ નિકળ્યો પણ ન હતો કે મારી મુસીબત દુર થઇ ગઇ. અને પુરી જીંદગીમાં કયારેય આ પ્રકારની મુસીબતોમાં હું ફરી ફસાયો નથી. અને મેં આજ સુધી કોઇને આ મુસીબતના બારામાં જણાવયુ નથી. તમામ રહેમતો અને હમ્દો સનાઅ મહાન પરવરદિગાર માટે છે.

નોંધ : ગુસ્લ કરવું, આસમાનની નીચે ઉભા રહેવું, બે રકાત નમાઝ પઢવી, આ બધુ અફઝલ છે, પરંતુ કોઇ વ્યક્તિ કોઇ કારણ ને લીધે આ રીતે ન કરી શકે તો પણ ઝીયારતને છોડી દેવી જોઇએ

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

નહી. જો તે માત્ર ઝીયારત પડે તો પણ સવાબનો હકદાર થશે. ઝીયારતે ઇસ્તેગાસા મફાતીહુલ જીનાન તથા દુઆએ નુદબાહની કિતાબનાં પાછળનો પેજ ઉપર છે. (બેહાર, મફાતીહુલ જીનાન)

કિસ્સો - ૧૦

મુકદ્દસે અર્દબેલી (અ.ર.) ને ઇમામની મુલાકાત

આ પ્રસંગ અલ્લામા અમીર અલ્લામ વર્ણવે છે. તેઓ જલીલુલકદ્ર આલીમ, મુજતહીદ જ. મુકદ્દસે અર્દબેલી (અ.ર.) નાં વિદ્યાર્થી હતા. તેઓ બયાન કરે છે કે એક વખત રાત્રે હું મારૂં કામ પુર્ણ કરી અમીરૂલ મોઅમેનીન અ.સ. નાં રોઝાનાં સહેનમાં બહાર નિકળ્યો. રાત અડધી પસાર થઇ ગઇ હતી. મેં જોયુ કે એક આલીમ, અમીરૂલ મોઅમેનીન અલી અ.સ. ના રોઝા તરફ જઇ રહ્યા છે. હું તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યો. મે તેમને ઓળખી લીધા. તેઓ મારા ઉસ્તાદ મુકદ્દસે અર્દબેલી (અ.ર.) હતા. મે મારી જાતને તેમનાથી છુપાવી રાખી. તેઓ રોઝાના દરવાજા પાસે પહોંચ્યા. દરવાજા પર તાળુ મારેલુ હતુ. તેમના પહોંચતાજ તાળુ ચાવી વગર ખુલી ગયુ. અને નીચે પડી ગયુ. અને રોઝાના દરવાજા ખુલ્લી ગયા. મારા ઉસ્તાદ રોઝામાં દાખલ થયા. પછી મે વાતચીત થતી હોય તેવો આવાઝ સાંભળ્યો જાણે કે તેઓ કોઇની સાથે વાતચીત કરી રહ્યા છે. થોડીવાર પછી તેઓ બહાર નીકળ્યા. રોઝાનો દરવાજો આપમેળે બંધ થઇ ગયો. તેઓ નજફથી મસ્જીદે કુફા તરફના રસ્તે ચાલવા લાગ્યા. હું પણ તેમની પાછળ પાછળ ગયો. તેઓ મસ્જીદે કુફામાં દાખલ થયા. અને મહેરાબમાં કે જયાં મૌલાએ કાએનાતને ઝરબત લાગી હતી અને આપની શહાદત થઇ હતી. તે જગ્યાએ પહોંચ્યા. ત્યા તેઓ ઘણો સમય સુધી રોકાયા. પછી આપ નજફ તરફ પાછા વળ્યા. હું તેમની પાછળ હતો. તેઓ જયારે મસ્જીદે જીન્નાત પાસે પહોંચ્યા, ત્યારે અચાનક મને ઉધરસ આવી, જેને હું રોકી ન શક્યો. મારા ઉસ્તાદ મને ઓળખી ગયા અને કહ્યુ કે અમીર અલ્લામ તમે અહીં શું કરો છો ? મે કહ્યુ કે હું તમારી સાથે રોઝાથી છું. હું આપને અમીરૂલ મોઅમેનીન અ.સ. નાં હકકની કસમ આપુ છુ કે જે કાંઇ બનાવ બન્યો તે મને બતાવો. તેઓએ કહ્યુ કે હું તને આ બધી વાત કરૂ પણ મારી એક શર્ત છે, કે જયા સુધી હું હયાત રહું ત્યા સુધી તુ કોઇને આ વાતની જાણ નહિંકરે. મે આ શર્ત સ્વીકારી તેઓએ ફરમાવ્યુ, કે મારે કેટલાક મસાએલ હતા, જેના બારામાં મને ચિંતા હતી. તેના જવાબો મને મળતા ન હતા. મે ચાહ્યુ કે હું રોઝએ મુકદ્દસમાં જાવ અને જવાબ મેળવું. તેથી હું આ રોઝામાં ગયો. જેમ તે જોયુ તેમ રોઝાના તમામ દરવાજાનાં તાળા ચાવી વગર ખુલ્લી ગયા અને દરવાજા પોતાની મેળે ખુલ્લી ગયા. હું મૌલાએ કાએનાતના રોઝામાં દાખલ થયો. અને મસાએલના જવાબ માટે દુઆ કરી. હું દુઆમાં મશગુલ હતો ત્યારે કબ્રે અલી અ.સ. થી અવાઝ આવી. ''મૌલાના અહેમદ મસ્જીદે કુફા ચાલ્યા જાવ, અને તમારા મસઅલાના જવાબ કાએમે આલે મોહમ્મદ (ઇ. મહદી અ.) થી પુછો. અને તેઓ તમને આ મસઅલાના જવાબ આપશે, કારણ કે તેઓ આ ઝમાનાના ઇમામ છે. તમામા કાર્યોની મસ્લેહત અને મુનાસેબત તેમનાથી સંબધીત છે.'' આ સાંભળીને હું મસ્જીદે કુફા પહોંચી ગયો. ત્યા મે ઇ. આખેરૂઝઝમાન ની ખિદમતથી મારા સવાલોના જવાબ મેળવ્યા, અને હવે હું ઘર તરફ રવાના થાઉ છું.

(ઇરફાને ઇમામત કિસ્સો - ૮)

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

# કિસ્સો - ૧૧

## શૈખ મુર્તઝા અન્સારી (અ.ર.) ને ઈમામ અ.સ. ની મુલાકાત

આયતુલ્લાહ ઉઝમા હાજી શૈખ મોહમ્મદ હસન સાહેબ જવાહર (ર.અ.) ની વફાત પછી લોકોએ શેખ મુર્તઝા અન્સારી અ.ર. ને મરજએ તકલીદ નકકી કર્યા અને તેમના અમલીયાનો રીસાલો, તવઝીહુલ મસાએલ માંગી. શૈખ અનસારીએ ફરમાવ્યુ : સૈયદુલ ઓલમાં માઝન્દરાનીની હાજરી માં મારી પાસે તવઝીહુલ મસાએલ નથી. તે મારાથી ''આઅલમ'' (વધુ જ્ઞાની) છે અને બાબીલમાં રહે છે. હું મરજીઅત સ્વીકારીશ નહી.

શૈખ અનસારીએ સૈયદુલ ઓલમાને બાબીલ એક પત્ર લખ્યો તેમા વિનંતી કરી કે આપ નજફે અશરફ તશરીફ લાવો અને શીયાઓના હવઝે ઇલ્મીયાની આગેવાની સ્વીકારો. સૈયદુલ ઓલમાએ શૈખ અનસારીના પત્રનો જવાબ આપ્યો કે એ સાચુ છે કે જયારે હું નજફે અશરફમાં હતો ત્યારે આપની સાથે મુબાહેસા (ચર્ચા) કરતો હતો, ફીકહમાં આપથી વધુ જ્ઞાન ધરાવતો હતો, પરંતુ હવે લાંબા સમયથી બાબીલમાં રહું છું. દર્સ અને દર્સ આપવાનો સીલસીલો નથી રહ્યો. ચર્ચાઓની બેઠકો છોડી ચુક્યો છું. આ કારણ થી હવે હું ખુદ આપને આઅલમ ગણુ છું. તેથી મરજેઅત આપ ખુદ કબુલ ફરમાવો. શૈખ અનસારીએ તેમ છતા કહ્યુ કે હું ખુદ પોતાને આ સ્થાન અને મન્સબને લાયક નથી ગણતો. જો મારા મૌલા અને આકા હ. વલીએ અસ્ર (અજ.) મને ઈજતેહાદની પરવાનગી ઈનાયત ફરમાવે અને મારી આ સ્થાન અને મનસબ માટે નિમણુંક કરે તો હું સ્વીકાર કરીશ.

એક દિવસ શૈખ અનસારી શિક્ષણ આપવા બેઠા હતા. અને તેમના વિદ્યાર્થીઓ પણ તેમની આજુબાજુ બેઠા હતા. એક વ્યક્તિ દાખલ થયા. તેમની મહાનતા અને દિવ્યતાની અસરો જોવા મળી શૈખ અન્સારીએ તેમને આદર પૂર્વક આવકાર આપ્યો. તે શખ્સે વિદ્યાર્થીઓની હાજરીમાં શૈખ અન્સારી તરફ જોઇને પુછ્યુ :

એક સ્ત્રી કે જેનો પતિ મસ્ખ (મનુષ્ય સ્વરૂપ બદલાવુ) થઇ ગયો હોય તેના બારામાં આપનો શું મત છે ? (આ મસઅલો કોઇ કિતાબમાં પણ દર્શાવવામાં આવ્યો નથી. કારણ કે આ ઉમ્મતમાં મસ્ખનું અસ્તિત્વ નથી.)

આ વાત ઉપર શૈખ અન્સારીએ કહ્યુ ફીકહની કિતાબોમાં આ મસઅલો લખવામાંજ નથી આવ્યો. તેથી હું જવાબ દેવા માટે સમર્થ નથી. તે શખ્સે પુછ્યુ : હવે આપ ધારી લ્યો કે આ ઉમ્મતમાં એક એવો પ્રસંગ પ્રકાશમાં આવ્યો છે કે એક સ્ત્રીનો પતિ મસ્ખ થઇ ગયો છે તો તે સ્ત્રી શું કરે ? શેખ અન્સારીએ કહ્યુ મારા મત (ફતવા) મુજબ જો પુરૂષ પ્રાણીના સ્વરૂપમાં બદલાયો છે, તો સ્ત્રી માટે જરૂરી છે કે તે તલાકનો ઇદ્દો પાળે અને એ મુદ્દત પછી નિકાહ કરી શકે છે કેમકે તે પુરૂષ જીવીત છે અને તેને રૂહ પણ છે. પરંતુ જો તે પુરૂષ વનસ્પતિના સ્વરૂપમાં બદલાયો છે તો તેની પત્ની મૃત્યુનો ઇદદો પસાર કરે કારણ કે તેના પતિએ મુર્દાનું સ્વરૂપ ઇખ્તેયાર કર્યુ છે. એટલે એ મુદ્દત પછી નિકાહ કરી શકે છે.

તે શખ્સે ત્રણ વખત કહ્યુ : અન્તલ મુજતહેદો, અન્તલ મુજતહેદો, અન્તલ મુજતહેદો એટલે કે ''તમે મુજતહેદ છો.''

ત્યાર પછી તે શખ્સ શિક્ષણની બેઠકમાંથી બહાર ચાલ્યા ગયા. શૈખ અન્સારી જાણતા હતા કે તે હ. ઇમામે વલીએ અસ્ર (અજ.) હતા. અને તેમણે ઈજતેહાદની પરવાનગી આપી છે. તેથી તુરંતજ પોતાના વિદ્યાર્થીઓને કહ્યુ કે તે શખ્સની તપાસ કરો. વિદ્યાર્થીઓ તરતજ ઉભા થયા. અહીં તહીં દોડતા રહ્યા પરંતુ કોઇએ પણ તેમને ન જોયા. તે પછી શૈખ અન્સારી એ વાત ઉપર તૈયાર થયા કે લોકોને તવઝીહુલ મસાએલ રજુ કરે, જેથી લોકો તેમની તકલીદ કરે.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## કિસ્સો - ૧૨

## ઝવ્વારે ઈમામ અ.સ. ને પરેશાન કરનાર ખાદીમનો અંજામ

જન્નતુલ મઆવા કિતાબના લેખક કહે છે કે મને ભરોસાપાત્ર અને અમીન આગા મોહમ્મદ કાઝમૈનીએ આ પ્રસંગ બયાન કર્યો છે.

આગા મૌહમ્મદ કાઝમૈની બયાન કરે છે કે એક શખ્સ જેનું નામ મુસ્તફા જમુદ હતુ અને તે રોઝા મુબારકનો ખાદીમ હતો. તેની આદત એ હતી કે તે ઝવ્વારો ને લુટતો અને ઝવ્વારોને ખુબ ઈજા પહોંચાડતો અને ઘણી વખત સરદાબે મુકદ્દસ ની અંદર ઝવ્વારોને ખુબ પરેશાન કરતો હતો. તે માણસ આમાલે ઝીયારતમાં રુકાવટ કરતો અને એવી હરકતો કરતો કે ઝવ્વારોની તવજ્જોહમાં ખલીલ પહોંચતી. ઝવ્વારોની દુઆઓનું પઢવું તેને ન ગમતું અને તે તેઓની આવાઝ ન સાંભળતો.

એક રાત્રે આ ખાદીમે ઈમામે હુજ્જત (ઈમામે ઝમાના) અ.સ. ને સ્વપ્નમાં જોયા. ઈમામે ઝમાના અ.સ. કહી રહ્યા હતા કે કયાં સુધી તું મારા ઝવ્વારોને પરેશાન કરતો રહીશ ? તું તેઓને ઝીયારત પઢવા નથી દેતો. તને શું મતલબ છે જે કાંઈ તેઓ કહે છે, પઢે છે, તુ તેઓને કરવા દે. ત્યાર પછી જયારે તે માણસ સ્વપનમાંથી જાગ્યો ત્યારે તેની સાંભળવાની શક્તિ ચાલી ગઈ હતી. તેના કાન ફાટી ગયા હતા. તે કાંઈ પણ સાંભળી નહોતો શકતો. જેનાથી ઝવ્વારોને રાહત મળી ગઈ, અને આમાલે ઝીયારતની અદાએગી, દુઆ, ફરીયાદ અને ઈસ્તેગાસામાં આ શખ્સની રૂકાવટ ન રહી એટલે સુધી કે ખુદાવંદે આલમે તેને ઠેકાણે લગાડી દીધો.

(ઈરફાને ઈમામત, કિસ્સો - પર)

## કિસ્સો - ૧૩

## આંખથી થતા ગુનાહથી બચવાને કારણે ઈમામ અ.સ. થી મુલાકાત

એક મઝદુર માણસ એક આલીમ પાસે ગયો અને કહ્યુ કે હું આટલા દિવસ પછી આ દિવસે અને આ સમયે મૃત્યુ પામીશ. તમે મને ગુસ્લ, કફન આપજો. અને મારી નમાઝે મય્યત પઢાવજો તે આલીમે સંમતી આપી. પછી જે દિવસનું તે માણસે કહ્યુ હતુ તે દિવસે તે આલિમે દીન તેના ઘરે જવા માટે નીકળ્યા રસ્તામાં આલીમે દીનને વિચાર આવ્યો કે આ માણસ ને ખબર કેમ પડી કે આ દિવસે અને આ સમયે તેને મૌત આવશે ? આલીમે દીન તે મજદુર માણસના ઘરે પહોંચ્યા હજુ દરવાજા સુધી પહોંચ્યા ત્યારે તેઓ એક નુર ને જોયુ. આ નુર તે મજદુર માણસના ઘરમાં દાખલ થયુ તે આલિમે દીન આ નુરના પ્રભાવથી ત્યાજ ઉભા રહી ગયા. અને ઘરમાં દાખલ ન થયા. થોડીવાર પછી તે નુર ઘરની બહાર નિકળી જાય છે. પછી તે આલીમે દીન ઘરમાં દાખલ થયા. અને પહેલો સવાલ તે મઝદુર ને એ કર્યો કે તમને ખબર કેમ પડી કે આ દિવસે અને આ સમયે તમારૂ મૌત છે ? અને તમારા ઘરમાં જે નુર દાખલ થયુ તેની હકીકત શું છે ?

તે મઝદુર માણસ કહે છે કે આની પાછળ એક લાંબી દાસ્તાન છે. હું એક સામાન્ય ગુનેહગાર માણસ હતો. મે મજલીસમાં સાંભળ્યુ હતુ કે આપણા વક્તના ઈમામ મૌજુદ છે જીવંત છે. તો પછી મે વિચાર્યુ કે ઈમામ અ.સ. ની મુલાકાત શા માટે નથી થતી. ? ત્યારે મે વિચાર્યુ આમા વાંક મારો છે. મારા

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

એ ગુનાહ છે જે મારી અને ઇમામ અ.સ.ની વચ્ચે પરદો બની ગયા છે. મારી આ આંખ જે ગુનાહો કરતી હોય તે નજીસ આંખથી માઅસુમ ઇમામ અ.સ.ની ઝીયારત કેવી રીતે થાય. ત્યારથી મેં આંખથી થતા ગુનાહ છોડી દેવાનો મકકમ નિર્ણય કર્યો અને આ વાત ઉપર અમલ શરૂ કર્યો. મે આંખથી થતા ગુનાહો છોડી દીધા. ઇમામે ઝમાના અ.સ.ને આ કાર્ય એટલુ પસંદ આવ્યુ કે તેઓ મને મસ્લેહતન ઘણીવાર મુલાકાત આપતા. છેલ્લે મને ઇમામ અ.સ.એ મારા મૃત્યુના બારામાં ખબર આપી હતી.અને તમારી ભલામણ કરી કે તમે મને ગુસ્લો -કફન આપો. અને હમણાં તમે જે નુર જોયું હતુ. તે ઇમામે ઝમાના અ.સ. નું નુર હતુ અને તેઓ મને મળવા આવ્યા હતા. અને તમને સલામ આપ્યા છે. (જન્નતુલ મઆવા)

## કિસ્સો - ૧૪

## ઇમામ અ.સ.ની સલામતી માટે સદકો કાઢ્યો.

ઇમામે ઝમાના અ.સ. આપણા સદકાના મોહતાજ નથી પરંતુ ઇમામે ઝમાના અ.સ. માટે સદકો કાઢવો તે આપણી ઇમામ તરફની મોહબ્બત નો ઇઝહાર છે. સદકો પણ તે ઇમામની તવજજોહ અને નઝદીકીનું કારણ બને છે.

એક તાલીબે ઇલ્મ કહે છે કે એક રાત્રે મશહદે મુકદ્દસમાં ઇમામ રેઝા અ.સ. ના મુબારક રોઝાની અંદર મે ઇમામે ઝમાના અ.સ. માટે ખુબ દુઆ કરી મોડી રાતે હું મારી હોસ્ટેલ તરફ જવા લાગ્યો રસ્તામાં એક ફકીર મળ્યો જેણે મને સવાલ કર્યો. મે મામુલી રકમનો સદકો ઇમામે ઝમાના અ.સ.ની મોહબ્બતમાં સલામતી માટે આપ્યો. બીજે દિવસે હું તેજ બજારમાં નીકળ્યો. એક દુકાનદારે ઉચા અવાજે મને બોલાવ્યો અને પુછ્યુ કે ગઇ કાલે તે શું નેક કામ કર્યુ હતુ ? મે પુછ્યુ વાત શુ છે ? તમે મને આવુ શા માટે પુછો છો ? દુકાન દારે કહ્યુ, ગઇ કાલે હ. બકીય્યતુલ્લાહ અરવાહુના લહુલ ફીદા ને મે સ્વપ્નમાં જોયા. તેઓ સફેદ રંગના ઘોડા પર આ જગ્યાએ આ બજારમાં તશરીફ લાવ્યા અને તારૂ નામ લઇ ને કહ્યુ કે હું તે તાલિબે ઇલ્મના અહેસાનનો બદલો ચુકવવા આવ્યો છું. તે શું અહેસાન કર્યો હતો ? તાલીબે ઇલ્મ ઝારોકતાર રડવા લાગે છે. અને કહે છે કે મે તો ઇમામ અ.સ. ની મોહબ્બતમાં મામુલી રકમનો સદકો આપ્યો હતો.

(ઇમામે ઝમાન અ.સ. અને સૈયદ ઇબ્ને તાઉસ અ.ર. પેજ-૧૦૭,૧૦૮)

## કિસ્સો - ૧૫

## અબુ મોહમ્મદ અંધ થઇ ગયા

નજમુસ્સાકીબના લેખક આ રીવાયતને કુતુબે રાવંદી અ.ર. ની કિતાબ ખ્વારીઝમાંથી લખે છે કે અબુ મોહમ્મદ અલઝી ના બે દીકરા હતા એક અબુલ હસન જે પરહેઝગાર અને નેક દીકરો હતો, તે મય્યતને ગુસ્લ આપવાના કાર્યમાં પણ મદદરૂપ થતો. જયારે બીજો દીકરો ગુનાહખોરીમાં મશગુલ રહેતો.

એક વખત એક મર્દે મોઅમીને અબુ મોહમ્મદને ઇમામે ઝમાના અ.સ. ની નિયાબતમાં હજ કરવા માટે અમુક રકમ આપી. અબુ મોહમ્મદે આ રકમમાંથી અમુક રકમ તેના ગુનેહગાર દીકરાને આપી અને હજ અદા કરવા માટે પોતાની સાથે લઇ ગયા. અબુ મોહમ્મદ પોતે આ વાત કહે છે કે મે મેદાને

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

અરાફાતમાં એક ખુબસુરત નવજુવાનને જોયા, જેઓ દુઆ પઢવામાં મશ્ગુલ હતા. જયારે હું તેમની નજદીક પહોંચ્યો તો તેઓ મારા તરફ મુતવજજેહ થયા અને ફરમાવ્યુ કે એ શેખ તને શર્મ નથી આવતી ? મેં પુછ્યુ કઇ વાત થી ? ઇમામે ઝમાના અ.સ. મે ફરમાવ્યુ હજ કરવાનું તને સોપવામાં આવ્યુ હતુ અને તે એક ગુનેહગાર અને શરાબખોરને હવાલે (હજ કરવાનું) સોંપી દીધુ. નજદીકમાંજ તુ આ આંખથી આંધળો થઇ જઇશ. ત્યાર પછી પાછા આવ્યા પછી ૪૦ દિવસ પણ પસાર ન થયા હતા કે એ આંખ કે જેની તરફ ઇમામ અ.સ. મે ઇશારો કર્યો હતો, તે આંખમાં એવુ ઝખ્મ થયુ કે તેની આંખ ચાલી ગઇ. અને તે એક આંખથી અંધ થઇ ગયો.

(ઇરફાને ઇમામત કિસ્સો - ૫૦)

## કિસ્સો - ૧૬

ઇબ્રાહીમ ઇબ્ને મહઝીયાર ને ઇમામ અ.સ. ની મુલાકાત

હ. મહદી અ.સ. નાં એક આશીકનો પ્રસંગ છે. જેનું નામ ઇબ્રાહીમ ઇબ્ને મહઝીયાર હતુ. જે મહદી એ ઝહેરાની દીદારની ઉત્સુકતામાં દુનિયાની બધીવાતોને ભુલીગયો હતો. એ પ્રસંગ અત્રે તે આશીકે ઇમામ અ.સ. ના પોતાના શબ્દોમાંજ પ્રસ્તુત છે.

''એક વરસ મે હ. ઇમામ હસન અસકરી અ.સ. ની અવલાદ ઇમામે ઝમાના અ.સ. વિષે ખાતરી કરવા મદીનાનો પ્રવાસ ખેડયો. પરંતુ મને કહી જાણવા ન મળ્યુ ત્યાથી મકકા ગયો ત્યા પણ મારા ઇમામ વિષે કંઇ જાણવા ન મળ્યુ. એક દિવસ હું ખાનએ કાબાનો તવાફ કરી રહ્યો હતો ત્યારે એક ખુબસુરત યુવાનનું મારી તરફ ધ્યાન ખેચાયુ જે મને ખુબજ ટીકીટીકીને જોઇ રહ્યો હતો. તે યુવાન મને કંઇક મદદરૂપ થશે તેમ માનીને હું તેમની તરફ ગયો. તેને સલામ કરી તેણે મારી સલામ નો જવાબ ખુબજ સારી રીતે આપ્યો પછી તેણે મને પુછ્યુ તમે કયાના રહેવાસી છો ? મે કહ્યુ અહઝવાઝનો. આ રીતે વાતચીત શરૂ થઇ ત્યાર પછી તે યુવાને કહ્યુ કે ''હું તમારા માટે એક ખબર પણ લાવ્યો છું જો તમે તમારા ઇમામ અ.સ. ની ઝીયારત સાથે એ ઇચ્છતા હો કે તમારી આંખો એ હઝરતના નુરાની પ્રકાશનો ઝગમગાટ જુએ તો મારી સાથે તાએફ સુધી ચાલો પરંતુ મારી સાથે આવવાની તમારી સફરને તમારા મિત્રોથી ખાનગી રાખજો'' હું તેમની સાથે તાએફ તરફ જવા રવાના થયો. જયારે અમે એક મોટા રણમાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે દુરથી એક તંબુ નજરે પડ્યો. જેના નુરથી આખુ રણ ઝળહળી રહ્યુ હતુ.

તે યુવાન તંબુમાં મને અંદર જવા માટેની પરવાનગી મેળવવા ગયો. એટલામાં મે જોયુ કે તે તંબુમાંથી અજોડ પ્રભાવશાળી અને નુરાની બુઝુર્ગવાર બહાર પધાર્યા. તેમની ખુબસુરતી અવર્ણનીય હતી. હું ખુબજ આવેશ અને અર્ધ પાગલપણાની હાલતમાં તેમની તરફ દોડયો અને તેમના હાથપગ ચુમવા લાગ્યો. તે બુઝુર્ગે ફરમાવ્યુ ''તારુ આગમન મુબારક થાય આ સમય પહેલા તારી મુલાકાતનું વચન આપવામાં આવ્યુ હતુ. તારી અને મારી વચ્ચે રૂહાની સંબધ સ્થાપીત છે. આપણા બન્નેની વચ્ચે રસ્તાનું લાંબુ અંતર અને આપણી મુલાકાતમાં વિલંબ છતા મે હંમેશા જ તને મારી નજરો સમક્ષ રાખેલ છે'' ત્યાર પછી આપે એક લાંબી વાતચીત કરતા કહ્યુ, મારા પિતાજીએ મને કહ્યુ હતુ એ ફરઝંદ જે લોકો ખુદાની ઇબાદત કરે છે અને તેની પૈરવી અને તાબેદારી કરવા સતત પ્રયત્નશીલ રહે છે. અલ્લાહ ત.ત. તેને બંદાઓ માટે નમુનારૂપ બની રહે એ માટે માર્ગદર્શક વગરનો રાખતો નથી''

ઇબ્રાહીમ બીન મહેઝીયાર નું કહેવું છે કે એક સમયગાળા સુધી હું ઇમામ મહદી અ.સ.ની ખીદમતમાં રહ્યો. તેજસ્વી સત્યો, નુરાની હુકમો અને કેટલીય ઇલ્મ અને હીકમતની વાતો શિખ્યો જે

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

બાબતો ખુદાએ તઆલાએ આપની છાતીમાં ઉંડાણથી ભરી હતી. તેનો ખુબજ ફાયદો મેળવતો રહ્યો.... અને આહ .... ! પછી જવા માટે પરવાનગી માંગી. છેવટે જયારે છુટા પડવાની તૈયારી કરી ત્યારે હઝરત અ.સ. ની ખીદમતમાં પહોંચ્યો. આપની સાથે વફાદારીના વચનને દોહરાવીને જવાની તૈયારીમાં હતો ત્યારે આપે ફરમાવ્યુ ''ખુદાવંદે અઝઝવજલ્લે જે વસ્તુને તારા માટે આસાન અને બરકત પુર્ણ કરી. તને સાલેહ લોકોના શ્રેષ્ટ સવાબ અને પોતાના ખાસ બંદાઓની જઝા આપી. બધી વસ્તુઓ તેનાથી જ છે અને જે કાંઇ જોઇતુ હોય તે તેજ આપી શકે તેમ છે. ખુદાવંદે આલમ તને તેની અપાર નેઅમતો સલામતી અને ખુશહાલી સાથે તારા મિત્રો સુધી પહોંચાડે, તને રસ્તામાં કોઇ તકલીફ ન પડે... હું તને ખુદાને હવાલે કરૂ છું ઇ.અ. ખુદાવંદાની કૃપાળુ છાયામાં તને કોઇ આફત નહીં આવે''.

ઇબ્રાહીમ બીન મહેઝીયાર કહે છે કે હું હ. મહદી અ.ત.ફ.શ. પાસેથી વિદાય થયો. હું ખુદાવંદે ત.ત. નો બેહદ શુક્રગુઝાર છું. કે તેણે મારા સાચા હેતુ સુધી પહોંચવામાં મારી મદદ કરી અને સાથો સાથ એ વાતથી પણ વાકેફ થઇ ગયો કે ખુદાવંદે આલમ પોતાની ઝમીનને કોઇપણ સમયે માઅસુમ ઇમામ અ.સ. વગર ખાલી નથી રાખતો. મે આ પ્રસગં યકીન અને ઇમાન ધરાવતા લોકોની જાણકારીમાં વિશેષ વધારો થાય તે હેતુસર રજુ કરેલ છે.

(ઇરફાને ઇમામત કીસ્સો - ૧)

## કિસ્સો - ૧૭

## પતિ-પત્નીના મતભેદનું સમાધાન

આ તવકીઅની વાત કરીએ તે પહેલા તેના અમલીકરણના પાસાઓ ઉપરની ચર્ચા બહેતર છે. પયગમ્બર અકરમ (સ.) અને અઇમ્મએ હોદા (અલયહેમુસ્સલામ) ઉમ્મતના વાલીઓ છે. આ બાબત વિષે આ લેખમાં ઉપર લખાઇ ચુક્યું છે કે ખુદા વંદે આલમે તેઓની ભવ્યતા અને મહાનતા ખાતર તેઓને ઘણી શક્તિઓ અર્પણ કરી છે. આ હઝરતો રોજી આપવાની શક્તિ ધરાવે છે. એટલે કે તેઓ જે વસ્તુની ખુદા પાસે માંગણી કરે છે તે નકારતો નથી. આ તવકીઅમાં આ વાત ઉપર ઇશારો કરવામાં આવ્યો છે.

અબુ ગાલીબ અહમદ બીન મોહમ્મદ ઝોરારી કહે છે : મારી અને મારી પત્નિ વચ્ચે મોટા મતભેદો અને દુશ્મની થઇ ગઇ. અમારી વચ્ચે સમાધાનની બધી શક્યતાઓ પૂરી થઇ ગઇ. આ મતભેદ લાંબો ચાલ્યો. તેના કારણે હું ઘણી માનસિક તાણ અનુભવતો હતો. તેથી મે એક પત્ર જનાબ મોહમ્મદ બીન ઉસ્માન (ર.અ.) (બીજા નાએબ) ને આપ્યો કે તે તેને ઇમામે ઝમાના (અ.) ની સેવામાં પહોંચાડી આપે. આ પત્રમાં મેં દોઆ માટે દરખાસ્ત કરી હતી. પત્રના જવાબમાં ઘણુ મોડુ થયુ. એક વખત અબુ જઅફર (મોહમ્મદ બીન ઉસ્માન (અ.ર.)) સાથે મુલાકાત થઇ ત્યારે આપે કહ્યુ : તમારા પત્રનો જવાબ આવી ચુક્યો છે. પછી તેમના ઘરે ગયો. એક ચોપડો કાઢયો અને તેના પાનાઓ ત્યા સુધી ફેરવ્યા કે એક પત્ર મળ્યો અને મને દેખાડ્યો. જેમા લખેલુ હતું : પતિ અને પત્નિ અંગેનો જે પ્રશ્ન પૂછ્યો હતો તો ખુદાવંદે આલમે તેઓની વચ્ચે સુલેહ અને શાંતિ સ્થાપિત કરી દીધી છે.

અબુ ગાલીબ ઝોરારી કહે છે કે મારી પત્નિ હંમેશા કડકાઇથી વર્તન કરતી હતી. પરંતુ આ પ્રસંગ પછી ભૂતકાળના મતભેદોની જેમ કોઇ પ્રસંગ બન્યો નહીં. બલ્કે હું કયારેક જાણીબુજીને એવું કામ કરતો કે તેને ગુસ્સે કરૂં, તો પણ તેની તરફથી કોઇ પ્રતિભાવ જણાતો ન હતો. (પઝે વહશીએ પીરામુને

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઝીન્દગાનીએ નુવ્વાબે ખાસે ઇમામે ઝમાના (અ.) (ઇમામે ઝમાના (અ.) ના ખાસ નવ્વાબોના જીવન પાના ૧૭૬)

## કિસ્સો - ૧૮
## શેખ મુફીદ અ.ર. ને ઇમામ અ.નો પત્ર

મર્હુમ તન્કાબની ફરમાવે છે : એક દિવસ બગદાદના કસ્બામાંથી એક માણસ શેખ મુફીદ અ.ર. ની પાસે શરીઅતનો મસઅલો પૂછવા માટે આવ્યો. તેણે કહ્યુ ''સાહેબ એક ગર્ભવતી સ્ત્રી મૃત્યુ પામી છે, પરંતુ પેટમાં તેનુ બાળક જીવતુ અને સલામત છે. આપ શું ફરમાવો છો ? ઓપરેશનથી બાળકને કાઢી લેવામાં આવે કે સ્ત્રીને તેના બાળક સાથે દફન કરી દેવામાં આવે. ?

શૈખ મુફીદ અ.ર. મે ફરમાવ્યુ : માને તેના પેટમાં મૌજુદ બાળકની સાથે દફન કરી દેવામાં આવે

તે માણસ પોતાના ગામ જવાના રસ્તે પાછો ફરી રહ્યો હતો, તેવામાં તેની સામે એક ઘોડે સવાર આવ્યા તેમણે કહ્યુ ઉભા રહો. તે પછી કહ્યુ શૈખ મુફીદ અ.ર. એ કહ્યુ છે કે માના પેટમાંથી બાળક ઓપરેશન કરીને બહાર કાઢીલેવું. પછી માંના પેટને સીવીને એકલી સ્ત્રીને દફન કરવામાં આવે.

તે માણસે આ વાત ને સ્વીકારી બીજા ફતવા ઉપર અમલ કર્યો.

થોડા સમય પછી તે માણસ બગદાદ શહેરમાંથી પસાર થયો ત્યારે તેણે શૈખ મુફીદ અ.ર. ને આ વાત કહી. શૈખ મુફીદ અ.ર. એ ફરમાવ્યુ ''મે તો આ ફતવાની સાથે કોઇની મોકલ્યો ન હતો. એમ લાગે છે કે તે ઘોડે સવાર ઇમામે અસ્ર અ.સ. હતા.'' (જેમણે આ તબકકે મદદ કરી) તે પછી શૈખ મુફીદ અ.ર. ફરમાવે છે કે આ બનાવ થી એમ જણાય છે કે હું ફતવા આપવા અને મરજઇઅત જેવી જવાબદારીને પાત્ર નથી. તે દિવસ પછી પોતાના ઘરનો દરવાજો બંધ કરી દીધો. અને લોકોને કહ્યુ હવે મને મસઅલાઓ પૂછવામાં ન આવે.

હજુ સમય પસાર થયો ન હતો કે ઇમામ અસ્ર અ.સ. તરફથી પત્ર મુબારક આવી પહોંચ્યો, જેમાં ઇમામ અ.સ. એ ફરમાવ્યુ ''આપ ફતવા આપો. અમે આપને ભુલચુકથી રક્ષણ આપીશું અપને એકલા નહી છોડીએ કે શરત ચુક થઇ જાય''.

ત્યાર પછી શૈખ મુફીદ અ.ર. એ ઇમામે ઝમાના ના હુકમથી બીજી વખત મરજઇઅતનો બોજ ઉઠાવ્યો અને લોકોને મસઅલાનો જવાબ આપવાનું શરૂ કર્યુ. (કસસુલ ઓલમાં પાના નં. ૪૪)

## કિસ્સો - ૧૯
## ઇમામ અ.સ.ને દરેક વસ્તુની માહિતી છે.

જનાબ મુફઝઝલે હઝરત ઇમામ જાફરે સાદિક અ.સ. અર્ઝ કરી : હું આપ ઉપર કુર્બાન, શું એ શક્ય છે કે ખુદાવંદે આલમ કોઇ બંદાની ઇતાઅત તમામ લોકો ઉપર વાજીબ કરી દેય. અને આસ્માનની માહિતી તેનાથી છુપાએલી હોય ?

ઇમામ અ.સ. એ ફરમાવ્યુ નહીં. ખુદાવંદે આલમ પોતાના બંદાઓ ઉપર તેનાથી વધ્યુ મહેરબાન ચાહનાર અને દયાવાન છે, કે પોતાના કોઇ બંદાની ઇતાઅત વાજીબ કરી દેય અને આસમાનની ખબરો સવાર સાંજ તેનાથી છુપાએલી હોય (ઉસુલે કાફી ભાગ - ૧ પાના નં. ૨૫૧ હદીસ - ૩)

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

આ હદીસોથી સ્પષ્ટ થાય છે કે આસમાન અને જમીનની બધી ખબરો દરરોજ સવાર સાંજ ઇમામ અ.સ.ની પાસે રજુ કરવામાં આવે છે. અને ઇમામ અ.સ. આપણી એક એક વાતથી માહીતગાર છે.

અઇમમ્મએ માઅસુમીન અ.મુ.સ. ન માત્ર આપણી પરિસ્થિતીથી જાણકાર છે. બલકે તેમને આપણા દુઃખ દર્દોની પણ અસર થાય છે. નીચેના પ્રસંગ પરથી તેનો અંદાજ આવી શકશે.

રમીલાનુ બયાન છે, હું હ. અલી અ.સ.ના ઝમાનામાં જબરજસ્ત બીમાર પડી ગયો જુમ્આના દિવસે જરા રાહત થઇ. મે વિચાર્યુ કે કેટલુ સારે થતે, જો હું આજે ગુસ્લ કરીને હ. અલી અ.સ. ની પાછળ નમાઝ અદા કરૂ મે એમજ કર્યુ મસ્જીદે ગયો ત્યારે હઝરત ખુત્બો આપી રહ્યા હતા. મારી હાલત ફરી ખરાબ થઇ નમાઝ પછી જયારે હઝરત કસ્ર નામની જગ્યા ઉપર ગયા. તો હું પણ તેમની સાથે હતો. તેમણે મને કહ્યુ એ રમીલા તમે કેમ તડપી રહ્યા હતા ? મે મારી બિમારીની વાત કરી અને મારી હાલત જણાવી તે પછી હઝરતે ફરમાવ્યુ ''એ રમીલા જયારે કોઇ મોઅમીન બિમાર હોય છે, ત્યારે અમે તેની બિમારીમાં બિમાર હોઇએ છીએ જો કોઇ દુઃખી કે ગમગીન હોય છે તો અમે પણ તેની સાથે દુઃખી કે ગમગીન હોઇએ છીએ. જો કોઇ દુઆ કરે છે તો અમે તેની દુઆ પર આમીન કહીએ છીએ. અને જો કોઇ ચુપ રહે છે તો અમે તેના માટે દુઆ કરીએ છીએ.

રમીલાએ અર્ઝ કરી આપની આ વાતચીત માત્ર એ લોકોની માટે છે, કે જેઓ આ કસ્ર નામની જગ્યામાં રહે છે. જે લોકો દુનિયાના બીજા ભાગમાં રહે છે. તેઓના માટે શું ? ઇમામે અ.સ.મે ફરમાવ્યુ એ રમીલા ! દુનિયામાં પૂર્વથી પશ્ચિમમાં કોઇપણ મોઅમીન અમારી નજરથી ગાએબ નથી. (ખસાએફુલ દરજાત પ્ર. ૧૬ હ. ૧)

આ પ્રસંગથી જરૂર સમજી શકાશે કે અઇમ્મએ માઅસુમીન અ.મુ.સ. પોતાના દોસ્તોને કેટલા ચાહે છે. એક બાપ પણ પોતાના દિકરાને આટલો નથી ચાહતો, જયારે અઇમ્મા અ.મુ.સ. આપણી સાથે આટલી મહોબ્બત રાખે છે. તેથી આ મહોબ્બતના ઓછામાં ઓછા બદલારૂપે આપણે એવા કાર્યો કરીએ, જેથી આ મહાન હસ્તીઓ આપણાથી ખુશ થાય અને તે બાબતોથી દુર રહીએ જેનાથી તેઓ નારાઝ થાય.

## કિસ્સો - ૨૦

## પગના ઝખ્મમાંથી શિફા મળી.

મીર્ઝા મોહમ્મદ સઇદના પગમાં દર્દ શરૂ થયું. ધીરેધીરે બન્ને પગ ઉપર સોજા ચડી ગયા. એ દર્દ એટલે બધુ વધી ગયુ હતુ કે તેઓ સીધા ચાલી શકતા ન હતા. તેથી લંગડાઇને ચાલતા હતા. તેઓએ ડોકટરો પાસે ઇલાજ કરાવ્યો પણ થોડા સમય પુરતુ ફાયદો થયો. થોડા દિવસ પછી પાછો દુઃખાવો શરૂ થઇ ગયો. એટલુજ નહી બન્ને પગમાં રસી થઇ ગયા. તેમજ તેની અસર આખા શરીરમાં થઇ ગઇ. શરીરમાં જગ્યા જગ્યાએથી રસી નિકળતી હતી. તેને કોઇપણ દવાથી કોઇ ફાયદો થતો ન હતો. તેના દર્દમાં દિવસે દિવસે વધારો થતો હતો છેવટે તેની હાલત એવી થઇ ગઇ કે તે જમીન પર પગ માંડી શકતો ન હતો. તેના શરીરમાંથી એટલુ બધુ લોહી વહી ચુક્યુ હતુ. કે શરીર ઉપર માત્ર ચામડી અને હાડકા બાકી રહ્યા હતા. તેને સતત દર્દ થતુ હોવાને કારણે તેનો સ્વભાવ ચીડયો થઇ ગયો હતો. તેની આ બીમારીને લીધે કુટુંબના બધાજ સભ્યો પરેશાન થઇ ગયા હતા. તેનું આખુ શરીર એટલુ બધુ સડી ચુક્યુ હતુ કે કોઇ તેના શરીરના એક ભાગ ઉપર હાથ મુકતુ તો તે શરીરના બીજા ભાગમાંથી રસી બહાર આવી જતી હતી. યોગાનુયોગ એવો થયો કે એ દિવસોમાં નાઇન શહરમાં વબા (પ્લેગ) ની બીમારી

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ફાટી નિકળી હતી. તેથી પ્લેગના ડરથી તે લોકો બીજા ગામ ચાલ્યા ગયા. ત્યા આકા યુસુફ નામના એક નિષ્ણાંત તબીબ હતા. તેમને મીર્ઝા મોહમ્મદની તબીયત દેખાડવામાં આવી. લાંબાસમય સુધી જોયા પછી તેણે દર્દીના માસા અબ્દુલ વહાબને ખુણામાં લઈ જઈને કાંઈ કહ્યુ. જેનાથી એમ જણાઈ આવતુ હતુ કે આ નિષ્ણાંત તબીબ પણ તેના ઉપચાર કરવા માટે લાચાર છે. તે પછી તો તેના ઘરના સભ્યોની નિરાશામાં વૃધ્ધી થઇ ગઇ. તેઓ હતાશ થઇ ગયા. એવામાં એવી જાણકારી મળી કે.

એક ગામમાં મીર્ઝા અબુતાલીબ નામનો એક માણસ જે ખુબજ મુત્તકી અને પરહેઝગાર છે. તેની પાસે ઇમામે અસ્ર અ.સ. ની ખીદમતમાં પ્રસ્તુત કરવા માટે એક અરીઝા અને એક ઇસ્તેગાસા છે. જે અરીઝા ખુબજ અસરકારક અને અકસીર છે. બીમાર માણસની માતા મીર્ઝા અબુતાલીબની પાસે પહોંચી. તેણે પોતાના બિમાર ફરઝંદની શફા માટે અરીઝા લખવાની વિનંતી કરી. જુમ્આના દિવસે તેઓએ એક અરીઝા લખી આપી. બિમાર માણસની માતા તે અરીઝા લઇને એક કુવા પાસે અરીઝા નાખવા માટે ગઇ. જયારે તેણીએ તે અરીઝા નાખી દીધી તો તે અરીઝા અધવચ્ચેજ રહી ગઇ આ જોઇને તે સ્ત્રી ખુબજ રડવા લાગી. બીમારના ભાઇએ રાતના એક સ્વપ્ન જોયુ કે ઇમામ અસ્ર અ.સ. તશરીફ લાવ્યા છે. તેઓના હાથ મુબારકમાં એક નેઝો છે. જે નેઝાની તેઓ (અજ.) એ મારા ભાઇના પડખા પર રાખ્યો અને ફરમાવ્યુ, ઉઠો તમારા માસાનું સ્વાગત કરો (તેના માસા ઘણા સમયથી પ્રવાસમાં ગયા હતા. તેના વિષે કોઇ સમાચાર ન હતા. તેથી તેમના વિષે પણ કુટુંબીજનો ચીંતીત હતા) મારો ભાઇ ઉઠ્યો અને ઉભો થઇને દરવાજા સુધી માસાના સ્વાગત માટે ગયો. આ સ્વપ્ન જોયા પછી બિમારના ભાઇની આંખો ખુલ્લી ગઇ સવારનો સમય છે. ઘરના બધા લોકો સુતા છે. તે તુરંતજ પોતાના બિમાર ભાઇની પાસે આવ્યો તેને જગાડ્યો અને કહ્યુ, ભાઇ ઉઠો તમને ઇમામે અસ્ર અ.સ. મે શફા આપી છે.આમ કહેતા તેનો હાથ પકડીને તેને ઉઠાડ્યો. જે બિમાર ભાઇ રાત સુધી જમીન ઉપર પગ પણ મુકી શકતો ન હતો તે ખુબજ સારી રીતે ઘરમા ચાલી રહ્યો હતો. તેના આખા શરીરમાં રોગનું કોઇ નામો નિશાન ન હતુ. તે અરીઝા અને ઇસ્તેગાસા નીચે મુજબ છે.

ઉપર મુજબની અરીઝા લખીને વહેતા પાણીમાં અથવા કુવામાં નાખી દેવી અને તે વખતે નીચે મુજબ કહેવુ યા ઉસ્માન બીન સઇદ, વ યા મોહંમદ બીન ઉસ્માન, અવસેલા કિસ્સત એલા સાહેબીઝઝમાન સલવાતુલ્લાહે અલયહ.

(ઇરફાન ઇમામત કિસ્સો-૧૦૯)

## કિસ્સો - ૨૧

## હાજી અલી બગદાદીને ઇમામ (અ.સ.) ની મુલાકાત

અલ્લામા હાજી મીરઝા હુસેન નુરી પોતાની કિતાબ ''નજમુસ્સાકીબમાં'' લખે છે વળી તેજ બનાવને હાજી શેખ અબ્બાસ ઉમ્મી કીતાબે ''મફાતીહુલ જીનાન માં નીચે પ્રમાણે લખે છે કે :

હાજી અલી બગદાદી કહે છે કે મારી પાસે હકકે ઇમામના ૮૦ તુમાન (સીકકા પૈસાના) હતા. હું નજફ ગયો ને તેમાના ૨૦ હાજી શેખ મુરતુજા અન્સારી મુજતહેદને આપ્યા અને બીજા ૨૦ હાજી શૈખ મોહમ્મદે હુસૈને મુજતહેદે કાઝેમૈનને આપ્યા બીજા ૨૦ શેખ મોહમ્મદે હસને સુરકી મુજતહેદને આપ્યા પછી હું બગદાદથી કાઝમૈન ઝિયારત માટે ગયો. અને ત્યા શેખ મૌહમ્મદ હસન કાઝેમૈની (જે યાસીનની ઓલાદમાંથી હતા.) તેની મુલાકાત કરી અને બાકીના ૨૦ માથી થોડા તેમને આપ્યા. પછી ઝિયારત કરી હું જવા માંગતો હતો પણ શૈખ મોહમ્મદ હસને કાઝમૈનીએ મને રોકાવાનું કીધુ. પણ મે

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

કીધુ કે આજ રાતે મારે મારા કારખાનાના મજુરોને મજુરી દેવાની છે .એટલે મેં બગદાદ તરફ ચાલવા માંડ્યું.

આગળ જતાં મે એક તેજસ્વી પુરૂષને જોયા. તેણે આવી મને સલામ કરી, મુસાફો લીધો. અને બગલગીરી કરી, તેમણે લીલો ફેટો માથા પર બાંધ્યો હતો. તેમના જમણા ગાલ પર તલનો ડાઘ હતો. તેમણે મને પૂછ્યુ કે તું ક્યાં જાય છે? મે કીધુ કે કામ હોવાથી ઝિયારત કરી હું પાછો બગદાદ જાઉં છું. તેમણે કહ્યુ કે તું પાછો ફર અને આજ જુમ્આની રાત છે માટે ઝિયારત કર. અને હું કયામતમાં સાક્ષી આપીશ કે તું મારા દાદા હઝરતે અલી અ. નો શીયા,દોસ્ત છે. અને તે શેખ પણ તારા માટે સાક્ષી પણ આપશે. (આ વખતે હાજી અલી મનમાં વિચારતો હતો કે હું તે શેખ મોહમ્મદ હસન પાસેથી ચીઠ્ઠી લખાવીશ અને મારા કફનમાં રાખીશ. તેથીજ પેલા નવા આવનાર માણસે કહ્યુ કે તે શેખ પણ તારા માટે સાક્ષી આપશે) ત્યારે હાજી અલીએ કહ્યુ કે મે પુછ્યુ તે માણસ ને આપે કેવીરીતે જાણ્યુને,મને કેવીરીતે ઓળખ્યો ? ત્યારે તેમણે કહ્યુ કે શું તે માણસ કે જેનો હક બીજો માણસ આપે તેને તે ન ઓળખી શકે ? ત્યારે મે પુછ્યુ કે કયો હક ? તો તેઓએ કહ્યુ કે તે હક કે જે તેં અમારા વકીલોને આપ્યા છે. મેં પુછ્યુ કે કયા વકીલો ? તેઓએ કહ્યુ શેખ મોહમ્મદ હસન અને વગેરે. મેં મનમા કહ્યુ કે આ માણસ મને ઓળખે છે. અને હું તેને ભુલી ગયો લાગુ છું. મારા મનમાં થયુ કે આ માણસને ઇમામના હકની જરૂર છે. તેથી મે તેને કહ્યુ કે એ સરદાર હું શૈખ મોહમ્મદ હસનની રજાથી તને ઇમામનો હક આપીશ તો તેણે હસીને કહ્યુ કે તે મારો હકક આપીદીધો છે. ત્યારે મે પૂછ્યુ કે શું તે કબુલ થયો છે. તેમણે કહ્યુ હા. ફરી મે પુછ્યુ કે શું આલીમો તમારા વકીલો છે? તેમણે જવાબ આપ્યો ‘‘હા’’.

પછી તેમના કહેવાથી હું પાછો ફર્યો અને અમે કાઝમૈન તરફ જવા લાગ્યા મે જોયુ કે જે રસ્તો પેલા સુકો હતો. તે અત્યારે ફુલ ફળાદી અને વૃક્ષોથી લીલો છમ થઇ ગયો છે. અને વૃક્ષોને લીધો રસ્તા પર છાયો પડતો હતો. એક બાજુથી સફેદ પાણીનો ઝરો વહેતો હતો. મે અજાયબીથી તેને પુછ્યુ કે આ બધુ શું છે ? તેમણે કીધુ કે જે લોકો અમારા દાદાની ઝીયારત કરે છે તે લોકોને આ બધા ફાયદા મળે છે. તેથી હું ઘણોજ ખુશ થયો. તેમજ જરા વિચારવા પણ લાગ્યો કે આ માણસ કોણ છે? તેથી ખાતરી ખાતર મેં તેમને અમુક સવાલો પૂછ્યા,તે આ પ્રમાણે છે.

(૧) મે તેમને પુછ્યું કે મેં શૈખ અબ્દુર રઝઝાક મર્હુમથી સાંભળ્યુ છે કે જે માણસ દિવસે રોઝો રાખે,રાત ભર ઇબાદત કરે,ચાલીસ હજ કરે અને સફા અને મરવાની વચ્ચે મરણ પામે અને તે હ. અલી અ.સ. નો દોસ્ત ન હોય તો તે બધુ નકામુ છે. તો મે તેમને પુછ્યુ કે શું આ સાચુ છે. ? તો તેમણે જવાબ આપ્યો કે ‘હા’

(૨) મે પુછ્યું કે શું એક માણસ કે જે મારો સગો છે તે હ. અલી અ.સ. ના દોસ્ત માંથી છે કે નહીં. ? તેમણે જવાબ આપ્યો ‘હા’.

(૩) આલીમો કહે છે કે એક વખત સુલેમાને અઅમશ કોઇની પાસે ગયો અને ઇમામ હુસૈન અ.સ. ની ઝીયારતના બારામાં પુછ્યુ તો તેણે જવાબ આપ્યો કે તે બીદઅત છે ત્યાર પછી સુલેમાને સ્વપ્નમાં એક પાલખી જમીન અને આસમાનની વચ્ચે જોઇ તેમા જનાબે ફાતેમા સ.અ. અને જનાબે ખદીજા સ.અ. હતા અને તેઓ જુમ્આની રાત હોવાથી હ. ઇમામ હુસૈન અ.સ.ની ઝીયારત માટે જતા હતા. પાલખીમાંથી નાના નાના કાગળના ટુકડા ફેકાતા હતા. અને તેમા લખેલુ હતું કે જેઓ ઇ. હુસૈન અ.સ.ના ઝવ્વારો છે, તેઓ કયામતના દિવસે દોઝખની આગથી બચી જશે. શું તે વાત સાચી છે ? તેમણે જવાબ આપ્યો ‘હા.’

(૪) શું હ. ઇમામ હુસૈન અ.સ. ની ઝીયારત લોકોના માટે એક અમાન છે, તેમણે જવાબ આપ્યો કે ‘હા’, અને તેમની આંખ માંથી આંસુ સરી પડ્યા.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(૫) મે તેમને સવાલ કર્યો કે દરોદ ગામમાં મને એક તુર્કી અરબ મળ્યો તે ઇમામે રઝા અ.સ. ની ઝિયારત કરી પાછો ઘરે જતો હતો. મે તેને આમંત્રણ આપ્યું અને પૂછ્યુ કે ઇમામે રઝા અ.સ. નું શહેર કેવું છે? તો તેણે કીધુ કે તે જન્નત છે. અને તેણે ત્યાં ૧૫ દિવસ મૌલાનું અનાજ ખાધુ હતું. એટલે તેને કબરમાં મુન્કીર અને નકીર ફરીશ્તા સતાવશે નહી. કારણ કે તેનુ ગોશ્ત અને લોહી ઇમામના ખોરાકથી સાફ બન્યા છે. અને ઇમામે રઝા અ.સ. કબરમાં આવી બચાવશે. શું આ વાત સાચી છે ? તેમણે જવાબ આપ્યો 'હા'.

ફરી પાછા મે તેમને સવાલો પૂછવા શરૂ કર્યુ. મે તેમને પુછ્યુ કે મે પણ ઇમામે રઝા અ.સ.ની ઝીયારત કરી છે,શું તે કબુલ થઇ છે? તેમણે કીધુ 'હા',શું મારા દોસ્ત હાજી મોહમ્મદ બઝ્ઝાજ બાશી જે મારી સાથે મુસાફરીમાં હતા. તેની પણ ઝિયારત કબુલ થઇ છે ? તેમણે કહ્યુ 'હા'. વળી બીજો એક માણસ બગદાદી કે જે મારી સાથે હતો તેની પણ ઝિયારત કબુલ થઇ છે? ત્યારે તેમણે જવાબ આપ્યો નહીં,એટલે હું તરતજ સમજી ગયો કેમકે તે માણસ સારો ન હતો. વળી તેણે પોતાની માતા ને મારી નાખી હતી.

તે પછી અમો ચાલવા લાગ્યા અને એક રસ્તા પર આવ્યા કે જે ચતીમોનો રસ્તો કહેવાતો હતો. જો કે તે રસ્તેથી જવા માટે હું તો નારાઝ હતો પણ જ્યારે તેમણે કહ્યુ કે આ માર્ગ મારા દાદા અમીર અ.સ. નો છે. અને હ. અલી અ.સ. ના દોસ્તો માટે તે રસ્તા પર ચાલવું જાએઝ છે. ત્યારે અમે ત્યાંથી ચાલ્યા,તે રસ્તા પર એક બાગ હતો. તેના માલિક હાજી મીર્ઝા હાદી હતો. વળી તે અજમનો પૈસાદાર હતો ત્યારે મે તેમને પુછ્યુ કે આ બાગ ઇમામે રઝા અ.સ. નો છે. અને તેમનાથી છીનવાઇ લેવાયો છે ? તેમણે કીધુ કે ચુપ રહો. ત્યાંથી આગળ ચાલતા નાની નદી આવી ત્યા આગળ બે રસ્તા હતા. એક રાહે સુલતાની હતો. અને બીજો રાહે સાદાતી હતો. અમો રાહે સાદાતીથી ગયા. થોડા પગલા પછી મે જોયુ કે અમો ઇમામે મુસા અ.સ.ના રોઝાના સહેનમાં હતા. પછી બાબુલ મુરાદના દરવાજામાંથી હરમમાં દાખલ થયા. ત્યા તેમણે મને ઝિયારત પડવાનું કીધુ. અને મારા માટે તેમણે ઝિયારત પડવી શરૂ કરી. ઝિયારતમાં તેમણે અગીયાર ઇમામોના નામ લીધા. અને અગીયારમાં ઇમામના નામ વખતે કીધુ કે અસ્સલામો અલયકુમ યા અબા હસન અસ્કરી પછી તેમણે મને કીધુ કે શું તું તારા ઝમાનાના ઇમામને ઓળખે છે?

મે જવાબ આપ્યો 'હા', તેમણે કહ્યું કે તો પછી તું તારા ઝમાનાના ઇમામ પર સલામ કર. તેથી મે કીધુ અસ્સલામો અલયકુમ યા હુજ્જતલ્લાહે સાહેબુઝ્ઝમાન યા અબલ હસન. તેઓ હસ્યા અને જવાબ આપ્યો કે અલય્કસ્સલામ.પછી રોઝાને ચુમ્યા પછી મે કહ્યુ કે હવે બીજી ઝિયારત પડો.તેથી તેમણે ઝિયારતે અમીનુલ્લાહ પડવાની શરૂ કરી. એટલામાંતો બત્તીઓમાંની એક બત્તી સુરજ જેવી પ્રકાશીત બની.તે પછી ઇમામ હુસૈન અ.સ.ની ઝિયારત કરી.તેવામાં મગરીબની નમાઝની અઝાન થઇ ગઇ. તેથી અમો બાજુની મસ્જીદમાં ગયા. તેમણે મને કહ્યુ કે તું નમાઝે જમાઅતમાં શરીક થઇ જા.તેથી હું નમાઝમાં શામીલ થઇ ગયો અને પોતે ઇમામની બાજુમાં નમાઝ પડવા લાગ્યા.જ્યારે નમાઝ પુરી થઇ તો મને પાછા તેઓ ન જ દેખાણા પછી મે ઘણીજ શોધ કરી. પરંતુ તેઓ મને ન મળ્યા. પછી હું વિચાર કરવા લાગ્યો કે તેઓ કોણ હશે? કે જેમણે મને આટલા સવાલના જવાબ આપ્યા. મોઅજીઝા બતાવ્યા.ઝિયારત પડતા મે સલામ કરી તો તેણે જવાબ આપ્યો. નાછુટકે મે આખી રાત ઘણીજ બેચેનીમાં પસાર કરી. સવારે હું તે શૈખ મૌહમ્મદ હસન પાસે ગયો અને બધી વાત તેને કહી સંભળાવી. તેણે મને કીધુ કે ચુપ રહો અને કાંઇ ન બોલો. તે પછી એક મહિને તેજ હરમમાં મે એક સૈયદને જોયા.તેમણે મને પુછ્યુ કે એક માસ પહેલા તારી સાથે શું બનાવ થયેલો. તું મને કહે પણ હું ચુપ રહ્યો, એટલા માં તો પાછા તે સૈયદ ગાએબ થઇ ગયા.(ઇરફાન ઇમામત,કિસ્સો : ૭૮)

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

## ૨૨ ગયબતે ઇમામ અ.સ. માં આપણી જવાબદારી :
## ઈમામ હુસૈન અ.સ. ઉપર રડવું.

આ એક એવુ કાર્ય છે,કે જેનાથી ઇમામ અ.સ.ના હકકો અદા થાય છે. અને તેમાં કોઇ શંકા નથી કે ઇમામે ઝમાના અ.સ. ના હકક અદા કરવો તે અલ્લાહની નઝદીકી પ્રાપ્ત કરવાનું એક ખાસ અને મહાન માધ્યમ છે.જાઅફર ઇબ્ને મોહમ્મદ ઇબ્ને કોલવયહે કુમ્મી અ.ર.પોતાની કિતાબ કામીલુઝ ઝિયારતમાં સનદ સાથે ઇમામ સાદિક અ.સ. ઇમામ હુસૈન અ.સ. ઉપર રડવાની ફઝીલતની એક લાંબી હદીસનું વર્ણન કરે છે ''કોઇ આંખ કે કોઇ આંસુ અલ્લાહની નઝરમાં તે આંખથી વધારે પસંદ કરવા લાયક નથી, જે ઇમામ હુસૈન અ.સ. ઉપર રડે અને આંસુ વહાવે અને કોઇ રોવાવાળો ઇમામ હુસૈન અ.સ. માટે નથી રડતો,બલ્કે તેણે જનાબે ફાતેમા ઝહેરા સ.અ. ને એક ભેટ આપી. અને તેમના વિલાપમાં (ગમમાં) તેમની મદદ કરી અને રસુલે ખુદા સ.અ.વ. ને એક ભેટ આપી અને મારા હકકને અદા કર્યો કયામતના દિવસે દરેકને રોતી આંખો સાથે ઉભા કરવામાં આવશે, સિવાય તેને કે જેઓ મારા મઝલુમ દાદા ઇમામ હુસૈન અ.સ. પર રડતા હતા. કેમકે જે તેમના પર રડ્યા હશે તેમની આંખો ચમકતી હશે. તેમને ખુશ ખબરી આપવામાં આવશે અને તેમના ચહેરા પરથી ખુશી ટપકતી હશે. તમામ સર્જનો તેમના પરિણામ બાબત ભયમાં હશે, સિવાય તેઓ કે જેઓ ઇમામે મઝલુમ અ.સ. ઉપર રડવાવાળા હશે. તેઓ સંપૂર્ણ સલામતીમાં હશે. બધા લોકો મહેશરના મેદાનમાં ભેગા થશે.જ્યારે આ લોકો અર્શની નીચે છાયામાં ઇમામ હુસૈન અ.સ. સાથે વાતો કરતા હશે. તે લોકો હિસાબના દિવસની કડકાઇથી ડરશે નહી. તેઓને જન્નતમાં દાખલ થવાનું કહેવામાં આવશે. પરંતુ તેઓ તેમ નહીં કરે,તેઓ જન્નત કરતા ઇમામ હુસૈન અ.સ. નો સહવાસ વધુ પસંદ કરશે. જન્નતની હુરો તેઓને સંદેશો મોકલતી હશે કે તેણીઓ આ લોકોની રાહ જોઇ રહી છે.તેમ છતા,તેઓ ઇમામ હુસૈન અ.સ.ની વાતચીતથી એટલા પ્રસન્ન હશે કે હુરો તરફ ધ્યાન નહીં આપે. (કામેલુઝ ઝીયારત ભાગ-૨૬, પે. ૮૧)

ઉપર દર્શાવેલ વાક્યો 'મારા હકને અદા કર્યો' સુચવેછે કે ઇમામ હુસૈન અ.સ. ઉપર રડવું તે એક એવુ કાર્ય છે,કે જે ઇમામે ઝમાના અ.સ. અને બીજા પવિત્ર ઇમામો અ.સ. ના હકકને અદા કરવાનું કારણ બને છે.

## (૨૩) આપણી ઈમામ અ.પ્રત્યે ની ફરજઃ ઈમામના વિયોગના દુઃખમાં શોકમગ્ન બનવું.

ઇમામે સાદિક અ.સ. એક લાંબી હદીસમાં ફરમાવે છે,કે : દુનિયામાં એક પણ આંખ જે અમારી મુસીબતો પર દુઃખી થશે તો તેઓ આખેરતમાં અમને હવ્ઝે કૌસર સિવાય બીજી કોઇ જગ્યાએ નહીં મળે. (બેહારૂલ અન્વાર ભાગ ૮ પા.૨૨ હદીસ નં.૧૭) અન્ય હદીસમાં ઇમામ અ. ફરમાવે છે કે : જો કોઇ માણસનું દિલ આ દુનિયા માં અમારા પર થતાં ઝુલ્મો બદલ દુઃખી થાય તો તેનો દરેક શ્વાસ 'તસ્બીહ'નો સવાબ રાખે છે. (ઉસુલે કાફી હદીસ નં.૩ પાના નં.૩૨૦)

તસ્બીહનો સવાબ કેટલો? હ.અલી અ.ની હદીસ પ્રમાણે તસ્બીહનો સવાબ એ છે કે ''જયારે ઇન્સાન 'સુબ્હાનલ્લાહ' કહે છે ત્યારે તમામ ફરિશ્તાઓ તેના પર રહેમત (પ્રસંશા) નાઝિલ કરે છે. (તવહીદે સદુક ભાગ ૧ પાના નં.૩૧૨) બીજી એક હદીસમાં ઇમામે સાદિક અ. ફરમાવે છે કે : આખર

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઝમાનામાં લોકો (અમારા કાએમ - ઈમામે ઝમાના અ. વિશે) કહશે કે તેઓ ઈન્તકાલ કરી ગયા છે. કેટલાંક કહેશે કે તેઓ કોઇ ખીણમાં ગાએબ થઇ ગયા છે. પરંતુ મોમિનો તેઓની જુદાઇમાં રડી ઉઠશે.(ગયબતે નૌમાની આખર ઝમાના વિશેના પ્રકરણમાં પાના નં.૭૭)

ઇમામ મુસા કાઝીમ (અ.) ની હદીસ મૂજબ (ગયબતના) આખર ઝમાનામાં જયારે કાએમ (અ.) નું નામ લેવામાં આવશે ત્યારે શિયાઓની આંખો આંસુઓથી ભરાઇ જશેં. એવા શિયાઓ કયામતમાં અમારી સાથે હશે.તેઓ અમારાથી ખુશ હશે અને અમે તેમનાથી રાજી હોઇશું.

## (૨૪) આપણી ત્રીજી જવાબદારી : ઈન્તેઝાર

ઇન્તેઝાર કોઈને પણ ચાહવાનું પરિણામ એ હોય છે, કે તેની ગેરહાજરીમાં તેમને યાદ કરવામાં આવે અને આતુરતાપૂર્વક તેમની રાહ જોવામાં આવે.

આ વાતને એક દાખલા થકી સમજીએ. જયારે કોઈ સંતાનોના પિતા પોતાના વતનથી દુર કોઈ ગામમાં નોકરી કરતા હોય અને તે જયારે તેના બાળકો સાથે ફોન પર વાત કરે ત્યારે સ્વાભાવિક રીતે જ પહેલો સવાલ એ હોય છે કે : ‘‘પપ્પા,તમે ઘરે કયારે આવશો? ’’આવો સવાલ પુછવાનું બાળકને શીખવવામાં આવતું નથી.પરંતુ આ આંતરસ્કુરણા અને બાળકના પિતા પ્રત્યેની કુદરતી મોહબ્બતના કારણે પુછવામાં આવતો હોય છે. આટલુંજ નહીં,બાળક પોતાના પિતાને સતત યાદ કરતા રહે છે તેમજ તેમના મિત્રો સાથે રમતાં રમતાં એવું કહેતા સાંભળવા મળે છે કે : મારા પિતાએ કહ્યું છે કે : તેઓ ટુંક સમયમાંજ આવનાર છે. આપણો ઇમામે ઝમાના અ. પ્રત્યેનો પ્રેમ પણ નાના બાળકોનો તેના પિતા પ્રત્યેના પ્રેમની જેમ સ્વભાવિક, શુધ્ધ અને કુદરતી હોય તો કેટલું સારૂ થાય!? બેશક ઇમામ (અ) નો ઇન્તેઝાર કરવો ઇમામ પ્રત્યેની મોહબ્બતની નિશાની છે. જે વિશે ઇમામ સાદિક (અ.) ફરમાવે છે. ‘‘ઇમામના ઝહુર માટે સવાર અને સાંજ ઇન્તેઝાર કરો.’’એક શાયરે બહુજ સુંદર શબ્દોમાં ઇમામ અ.ના ઇન્તેઝારની વાત ને આ રીતે રજુ કરી છેઃ- અલ્લાહ ગવાહ છે, કે હું આપને યાદ કરતો નથી પરંતુ હું આપને યાદ કઇ રીતે કરૂં ! જયારે કે હું આપને ભુલ્યો જ નથી ! (મીકીયાલુલ મકારીમ ભાગ-૨ પાના નં.૩૦૮)

બેશક ઇન્તેઝારનો સાચો અર્થ એ છે કે આપણા દિલોમાંથી આપણા ઇમામ અ. ની યાદ કદી ભુલાવી ન જોઇએ. આપણામાંથી જે કોઇ સાફ દિલ, ખુલુસ નિય્યત અને મોહબ્બતની લાગણી સાથે ઇમામે ઝમાના અ. ના ઝહુરનો ઇન્તઝાર કરતા હોય તો તેઓ એક ખાસ સ્થાન અને મહત્વ ધરાવે છે જે વાત નીચે મુજબની હદીસોથી સ્પષ્ટ થાય છે. (૧) ઇમામે જાફર સાદિક અ.સ. ફરમાવે છે કે : જે કોઇ આ દુનિયામાંથી કાએમ અ.ના ઇન્તેઝાર (કરતા હોવાની) હાલતમાં વિદાય લેય તો તે જાણેકે અમારા સાથે અમારા તંબુમાં હતો. (કમાલુદ્દીન ભાગ ૨ પા.૬૪૪ હદીસ નં.૧.મિકીયાલુલ મકારીમ ભાગ ૨ પા.૨૦૬ પર્શીયન આવૃત્તિ).

(૨) બીજી હદીસમાં ઇમામે સાદિક અ.ફરમાવે છે કે જે કોઇ અમારી હુકુમતનો ઇન્તેઝાર કરે, તો તે અલ્લાહ (સુબ્હાનહુ વ તઆલા) ની રાહમાં પોતાના લોહીથી નહાવા સમાન છે (કમાલુદ્દીન ભાગ ૨ પા.૬૪૫,હદીસ નં.૬ અને
મીકીયાલુલ મકારીમ ભાગ ૨ પાના ૨ નં.૨૦૭ પર્શીયન આવૃત્તિ)

(૩) અન્ય હદીસમાં ઇન્તેઝારના કામના મહત્વ પર ભાર આપીને ઇમામે સાદિક અ. એ ફરમાવ્યું કે : એ શિયાઓ ખુશનસીબ છે,કે જેઓ ગયબતના ઝમાનામાં તેમના ઇમામ અ.નો ઇન્તેઝાર કરે. તેવા લોકો અલ્લાહના દોસ્ત છે. તેવા લોકોને ડર નહીં હોય અને ન તો તેઓ દુઃખી થશે.(કમાલુદ્દીન

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ભાગ ૨ પા.૩૫૭,હદીસ નં.૫૪ અને મીકીયાલુલ મકારીમ ભાગ ૨ પાના ૨ નં.૨૦૭ પર્શીયન આવૃત્તિ).

(૪) મુઝફફર ઇબ્ને ઉમર કહે છે : એક વખત મેં ઇમામ જાફર સાદિક અ.ની હાજરીમાં હઝરત કાએમ અ.ને યાદ કર્યા તેમજ એવા લોકોને યાદ કર્યા કે જેઓ ઇમામ અ.નો ઇન્તેઝાર કરતા કરતા દુનિયાથી વિદાય થઇ ગયા હતા. ત્યારે ઇમામે સાદિક અ. એ જવાબ આપ્યો કે : જયારે ઇમામે ઝમાના અ. ઝહુર ફરમાવશે ત્યારે ઇમામ અ.સ. એવા લોકોની કબ્રની પાસે જશે અને તેઓને તેમના નામ લઇને સંબોધન કરશે અને ફરમાવશે કે તમારા ઇમામે ઝહુર કર્યો છે. જો તમે ઇચ્છો તો આવો અને તેમની સાથે જોડાઇ જાવ. (ગૈબતે શૈખ તુસી પાના નં.૨૭૬અને મીકીયાલુલ મકારીમ ભાગ ૨ પાના ૨ નં.૭ પર્શીયન આવૃત્તિ).

(૫) હ.અમીરૂલ મોઅમેનીન અ.સ. એ ફરમાવ્યું ''જે લોકો આ દુનિયામાં અમારા હુકમોનું પાલન કરશે તેઓ આખેરતમાં અમારી સાથે ઉચ્ચ દરજજા પર હશે, અને જે લોકો અમારી હુકુમતનો ઇન્તઝાર કરે છે. તેઓ એવા છે કે તેઓએ જાણે કે અલ્લાહ (તઆલા) ની રાહમાં દરિયામાં ડુબકી લગાવી હોય. (બેહારૂલ અનવાર ભાગ-૫૫ પાના નં.૧૨૩ હદીસ નં.૭ મીકીયાલુલ મકારીમ ભાગ ૨ પાના ૨ નં.૨૧૦ પર્શીયન આવૃત્તિ)

(૬)ઇમામે જાફર સાદિક અ. એ ફરમાવ્યું '' જે કોઇ પોતાના ઝમાનાના ઇમામનો ઇન્તેઝાર કરતા કરતા મૃત્યુ પામે તે ઇમામ અ.સ. ના તંબુમાં તેઓ સાથે હાજર હોય તેવા લોકો સમાન છે.'' ત્યાર પછી ઇમામ થોડીવાર રોકાઇ ગયા અને ફરમાવ્યું ''ના,તેવા લોકોનો દરજજો ઇમામની સાથે રહીને ઇમામ અ.સ.ના દુશ્મનો સામે તલવારથી લડનાર જેવો છે.'' ત્યાર પછી થોડીવાર અટકીને ઇમામે આગળ ફરમાવ્યું ''ના,તેવા લોકોનો દરજજો પયગંબરે ઇસ્લામ (સ.અ.વ.) સાથે રહી લડાઇમાં શહીદ થનાર જેવો છે''(બેહારૂલ અન્વાર ભાગ -૫૬ પાના નં.૧૨૬ હદીસ નં.૧૮)

(૭) ઇમામ મોહંમદ બાકિર અ.સ. એ ફરમાવ્યું ''ઇમામ અ.નો ઇન્તેઝાર કરવાની હાલતમાં આ દુનિયાથી વિદાય લેનાર માટે નુકશાન નથી કેમકે તે એવા સૈનિકોની જેમ મૃત્યુ પામે છે,જે હ.કાએમ અ.સ.ની સાથે તેઓના તંબુમાં હાજર હોય''(ઉસુલે કાફી ભાગ ૧ પાના નં.૩૭૬ હદીસ નં.૧ અને મીકીયાલુલ મકારીમ ભાગ ૨ પાના નં.૨૧૩ પર્શીયન આવૃત્તિ)

(૮) ઇમામ મોહંમદ બાકીર (અ.સ.) એ ફરમાવ્યું ''હ.કાએમ અ.સ.ના ઝહુરનો ઇન્તેઝાર કરવાનો સવાબ તેના જેવો છે કે કોઇ દિવસના સમયમાં રોઝા રાખે અને રાત ઇબાદતમાં વિતાવે''(ઉસુલે કાફી ભાગ ૨ પાના નં.૨૨૨ હદીસ નં.૪ અને મીકીયાલુલ મકારીમ ભાગ ૨ પાના નં.૨૧૩ પર્શીયન આવૃત્તિ) વ્હાલા વાંચકો, પવિત્ર ઇમામોની ઉપરોકત હદીસો આપણને ઇમામ અ.સ.ના ઇન્તેઝારનું મહત્વ અને મૂલ્ય સ્પષ્ટ કરવા માટે પૂરતી છે.આ બધી હદીસો આપણને ઇમામ અ.સ. પ્રત્યેની મોહબ્બતમાં વધારો કરવા માટે અને ઇમામ અ. ના ઝહુરનો ઇન્તેઝાર કરવા માટેના પ્રયત્નો માટે જાગૃત કરવા પ્રોત્સાહીત કરે છે.

આ વિષયમાં આગળ વધતા આપણે આપણા હૃદયના ઉંડાણમાંથી એ સવાલનો જવાબ મેળવીએ કે''શું આપણે ઇમામ અ.ના ઝહુર થવા વિશે ભય અનુભવીએ છીએ?'' સ્વાભાવિક રીતે એક માણસ એવીજ વ્યકિતનો ઇન્તેઝાર કરે છે જેનાથી તેને કોઇ દહેશત કે ધાસ્તી ન હોય તેમજ એવીજ વ્યકિતનો ઇન્તેઝાર કરવામાં આવે છે જેનો પોતાની પર કોઇ હક કે દાવો ન હોય.દા.ત.એક ચોર કદી પણ પોલીસનો ઇન્તેઝાર કરતો નથી કે એક શરાબી મસ્જીદના મૌલાના પોતાની સામે આવે તેવી પ્રતીક્ષા કદી કરતો નથી.આપણે સાચા અર્થમાં ઇન્તેઝાર કરનાર ત્યારે જ ગણાશું, જયારે ગૈબતના ઝમાનામાં ગુનાહોથી દૂર રહેવાના ગંભીરતાપૂર્વક પ્રયત્ન કરીશું.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

સાથોસાથ ઇમામને હંમેશા હૃદયપૂર્વક ચાહતા રહીશું.અહીં અમે એક વિદ્વાન માણસે સામાજીક વ્યવહાર કે દંભ વિશે કરેલી વાતને પ્રસ્તુત કરીએ છીએ. દા.ત. સમાજના અમુક વાલીઓની એવી ફરિયાદ હોય છે, કે ''અમે શું કરીએ? અમારા બાળકો એટલા બધા જીદ્દી કે હઠીલા છે કે અમારી વાત માનતા નથી. તેથી અમારે ફરજીયાત ટેલીવીઝન જોવું પડે છે.''એ લોકો બાળકોથી તો ડરે છે પરંતુ ગુનાહ કરવામાં અલ્લાહ અને તેના ઇમામથી ડરતા નથી.આપણે અલ્લાહ તઆલા પાસે કુરઆને મજીદની નીચેની આયત આપણા દિલોમાં હંમેશા રહે તે માટે દુઆ કરીએ ''શું તમે નથી જાણતા કે અલ્લાહ તમને જુએ છે ?''

## (૨૫) ઇમામે અસ્ર (અ.સ) ના શિયાઓ સાથે દોસ્તી કરવી અને મદદ રૂપ થવું.

(૧) હ. ઇમામ અલી રેઝા (અ.સ.) એ ફરમાવ્યું : ''જો કોઇ જરૂરતમંદ શિયાને મદદ કરે (તેના પર અહેસાન કરે તેની સાથે સંબંધો જાળવે) તો તે અમને મદદ કરવા તથા અમારી સાથે સંબંધો જાળવવા સમાન છે.''(કામિલુઝ ઝિયારત : પાના નં.૩૧૯).

(૨) હ.ઇમામ મુસા કાઝીમ (અ.સ.)ફરમાવે છે : ''જો કોઇ શિયા તમારી પાસે તેની હાજત લઇને આવે તો એમ સમજો કે અલ્લાહે તમારા પર દયા કરી છે. અને તમારા માટે તેની રહેમતના દરવાજા ખોલી નાખ્યા છે. બેશક જો તે જરૂતરમંદની મદદ કરે તો તે પોતાને (તેના કાર્ય થકી) અમારી નઝદીક કરશે. આ કામ સાચે જ અલ્લાહની વિલાયત મેળવવા સમાન છે.'' (બેહારૂલ અનવાર : ભાગ-૭૪ પાના નં.૪૧૩)

(૩) ઇમામ જઅફરે સાદિક (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે ખુદાની કસમ,જો કોઇ અમારા શિયાઓમાંથી ફકત એક માણસને ખુશ કરે તો તે અમને ખુશ કરવા સમાન છે. ત્યારે પછી ઇમામ આગળ ફરમાવ્યું : ના,તે પયગમ્બર (સ.અ.વ.) અને અલ્લાહને ખુશ કરવા સમાન છે.

(૪) ઇમામ મુસા ઇબ્ને જઅફર સાદિક (અ.સ) એક હદીસમાં ફરમાવે છે.: ''જે કોઇ અમારા એક શિયાની હાજત પુરી કરે તો તે અમો અહલેબૈત (અ.સ) ની હાજત પુરી કરવા સમાન છે''.

(૫) પવિત્ર પયગમ્બર (સ.અ.વ.) એ ફરમાવ્યું : ''જો કોઇ માણસ પોતાના મોમીન ભાઇની મદદનો પ્રયત્ન અલ્લાહની ખુશી માટે અને આખેરતની ભલાઇ માટે કરે તો તે એક હજાર વર્ષ સુધી એક પણ ગુનાહ કર્યા સિવાય અને આંખનો પલકારો માર્યા વગર અલ્લાહની મદદ કરવા સમાન છે. (કમાલુદ્દીન : પાના નં.૫૪૧)

ઉપરોકત હદીસોથી એ વાત સ્પષ્ટ થાય છે. કે હ.અલી (અ.સ.) ના શિયાઓને ઇમામની ગૈબતના ઝમાનામાં મદદ કરવી,તેમની હાજતોને પુરી કરવાનો બદલો પવિત્ર ઇમામોને મદદ કરવાના બદલા સમાન છે.

બેશક જો કોઇ બાળકને તેના મા બાપની ગેરહાજરીમાં મદદ કરવામાં આવે તો તે બાળકના મા બાપ જયારે પાછા ફરે ત્યારે તેના બાળકને કરવામાં આવેલી મદદને પોતાના પર કરવામાં આવેલા એહસાન સમાન ગણે છે.

ઇમામ હસન અસ્કરી (અ.સ.) ની હદીસ અત્રે પ્રસ્તુત કરવામાં આવે છે,જે તમામ વાતોનો સાર એ છે કે ગૈબતે ઇમામ (અ.સ.)ના ઝમાનામાં કોઇ જાહિલને મઝહબની વાત શીખવવી એ-એહલેબૈત (અ.સ.)ના બાળકના માથા

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

પર પ્રેમથી હાથ ફેરવ્યા સમાન છે. (ઇમામ અ.ની ગૈબતના જમાનામાં શિયાઓ યતીમ/અનાથ છે.) આ કાર્યનો બદલોએ છે કે બાળકના માથા ઉપર હાથ
ફેરવતી વખતે તે બાળકના માથાના જેટલા વાળ ઉપર હાથ ફરે તેટલી સંખ્યા પ્રમાણે તેના ગુનાહો માફ કરી દેવામાં આવશે.

બેહારૂલ અનવારના બીજા ભાગમાંથી મિરઝા મોહંમદ બાકીર ફકીહે ઇમામ (અ.) ની એક હદીસ નોંધી છે.તેનો સાર આ પ્રમાણે છે. એક અજ્ઞાન માણસને ઇમામે ઝમાના (અ.સ.) વિશેનું માર્ગદર્શન આપવું તે ૧૦૦ વર્ષની સાચી અને કબુલ થયેલી ઇબાદત કરતાં વધારે સારૂં કામ છે. અલ્લાહની નજરોમાં એવો માણસ (એટલે કે લોકોને ઇમામ પ્રત્યે માર્ગદર્શન આપનાર માણસ) ની હાજરી ૭૦ મોમીનો કરતા વધારે સારી છે. ઉપરોકત હદીસથી આપણે નીચે મુજબના વાતના તારણ ઉપર આવી શકીએ.

(૧) શકય હોય ત્યાં સુધી આપણી શકિત અને ક્ષમતા મુજબ એહલેબૈત (અ.મુ.સ.)ના શિયાઓની મુશ્કેલીઓનું નિવારણ કરવાની અને તેમને મદદ કરવાની પુરી કોશિશો કરવી જોઇએ.અલ્લાહ તઆલા અને અઇમ્મા (અ.મુ.સ) ખાસ કરીને ઇમામે ઝમાના (અ.સ.)ની ખુશી મેળવવાનો આ સૌથી સારો રસ્તો છે.

(૨) શિયાઓને ઇમામે ઝમાના (અ.સ.) પ્રત્યેની મોહબ્બતનું માર્ગદર્શન આપવું એ પણ શિયાઓને મદદ કરવાનો એક રસ્તો છે. સ્વાભાવિક રીતે માર્ગદર્શન આપવાના આ કામમાં આપણા બાળકો,કુટુંબીજનો સગાઓ અને મિત્રોનો પણ સમાવેશ થઇ જાય છે.(૩) ઇમામે ઝમાના (અ.સ.) ની મોહબ્બત તરફ માર્ગદર્શન આપવું એ એકસો વર્ષની સહીહ અને કબુલ થએલી ઇબાદત સમાન છે- જે કોઇ આ કામ કરે છે તે અલ્લાહની નજરોમાં સિત્તેર મોમીનો કરતા ઉચ્ચતા ધરાવે છે.

(૪) આપણી બેઠકો (મજલીસ,મીટીંગ વગેરે) ઇમામે ઝમાના (અ.સ.) ની યાદથી ખાલી ન હોવી જોઇએ.

(૫) સૈયદ ઇબ્ને તાઉસ અ.ર. તેમની કિતાબ 'ઇકબાલ' ના ભાગ-૧, પાના નં.૪૫૭ઉપર સુરએ અસ્રની તફસીરમાં સુરાની છેલ્લી આયત 'વ-તવા-સવ-બિલ-હકકે-વ-તવા-સવ-બિસ્સબ્ર'' ના અર્થમાં ફરમાવે છે કે આપણા ઉપર ઇમામે ઝમાના (અ.સ.)ના જે હકકો છે,તેની યાદી એક બીજાને દેવરાવવી જોઇએ.

## (૨૬) ઇમામે ઝમાના (અ.સ.) ની ખુશી માટે ખર્ચ કરવો.

(૧) ઇમામે જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે કોઇ મોમિન સાચા દિલથી એક દીરહમ ઇમામ (અ.સ.) ની રાહમાં ખર્ચ કરે,તેના કરતા વધુ પસંદ કરવા લાયક બીજો કોઇ અમલ અલ્લાહની નજરોમાં નથી.કયામતના દિવસે અલ્લાહ તઆલાએ દિરહમને સાક્ષી બનાવશે. ત્યાર પછી ઇમામ (અ.સ.)એ સુરએ બકરહની આયન નં.૨૪૫ ની તિલાવત કરી.''છે કોઇ એવો જે અલ્લાહને કર્ઝે હસના આપે કે જેથી અલ્લાહ તેને અસંખ્ય ગણુ વધારી આપે; અને અલ્લાહ જ રોજી તંગ કરે છે અને વિશાળ કરે છે,અને તેની જ તરફ તમારૂં પાછું ફરવું થશે.'' (સુરએ બકરહ : આ.૨૪૫) (ઉસુલે કાફી ભાગ-૨ પાના નં.૧૫૬ હદીસ નં.૨૮)

(૨) ઇમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે ઇમામ (અ.સ.) ની રાહમાં એક દીરહમ ખર્ચ કરવો એ તમામ મોમીનો માટે ૨૦ લાખ (બે મિલિયન) દીરહમ ખર્ચ કરવા બહેતર છે.(ઉસુલે કાફી,ભાગ-૨ પાના નં.૧૫૬ હદીસ નં.૨૮)

(૩) 'મન લા યહઝરૂલ ફકીહ' નામની કિતાબમાં ઇમામે સુ.બકરહની આયત નં.૨૪૫ સમજાવતા ફરમાવ્યું કે : ઇમામ (અ.સ.) ની રાહમાં એક દીરહમ દસ લાખ દીરહમ ખર્ચ કરવા કરતા

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

બહેતર છે. આં હઝરત (સ.અ.વ) એ આગળ ફરમાવ્યું : હજ્જ માટે એક દીરહમ ખર્ચ કરવો એ બીજા કામોમાં દસ લાખ દીરહમ ખર્ચ કરવા કરતાં બહેતર છે. અને એકે એક દીરહમ જે ઇમામ (અ.સ.) ને પહોંચે તે હજ માટે ખર્ચવામાં આવેલા દસ લાખ દીરહમ કરતાં બહેતર છે. (ઉસુલે કાફી ભાગ-૨,પાના નં.૨૬૦ હદીસ નં.૩૧)

(૪) આયતુલ્લાહ સૈયદ મોહમ્મદ તકી મુસવી ઇસ્ફહાની 'મીકીયાલુલ મકારીમ' નામની કિતાબની ફારસી આવૃત્તિના બીજા ભાગના પાના નં.૩૫૭ ઉપર
લખે છે કે : ગયબતના ઝમાનામાં ઇમામે ઝમાના (અ.સ.) ની રાહમાં ખર્ચ કરવાનો અર્થ એ છે કે એવા કામોમાં ખર્ચ કરવો કે જે ઇમામ (અ.સ.) ની ખુશી,તાબેદારી અને મોહબ્બતનું કારણ હોય. (ખાસ કરીને ઇમામે ઝમાના (અ.સ.) વિશેની કિતાબો પ્રકાશીત કરવી) અથવા એવા કાર્યક્રમોનું આયોજન કરવું જેમાં ઇમામે ઝમાના (અ.સ.) ને યાદ કરવામાં આવતા હોય. તમામ નેક કામોમાં ઇમામે ઝમાના (અ.સ.) ને અગ્રતા આપવી.

સૈયદ ઇબ્ને તાઉસ તેમની કિતાબ કશફુલ મોહજહના પાના નં.૧૫૧/૧૫૨ પર તેમના ફરઝંદને વસીયત કરતા સલાહ આપે છે કે હંમેશા તમારા કામોમાં ઇમામે ઝમાના (અ.સ.) ને અગ્રતા આપો. તમે જયારે નમાઝે હાજત પડો કે સદકો આપો ત્યારે ઇમામે ઝમાના (અ.સ.) ની ખુશ્નુદી માટે અને સલામતી માટે નમાઝ પડો અને તેઓ (અ.સ.) વતી સદકો પણ આપો. ટુંકમાં તમારા દરેક નેક કામોમાં ઇમામે ઝમાના (અ.સ.) ને યાદ કરીને તેમના વતી નેક કાર્ય કરો. એ વાતમાં શંકા નથી કે તમારા આ કામથી તમારા પર ઇમામ અ.સ. ની ખાસ નઝરે ઇનાયત રહશે. એક માણસને ઇમામે સાદિક (અ.સ.) ને પુછયું કે : જો કોઇ માણસ બીજા કોઇ માણસ વતી હજ બજાવી લાવે તો તેનો બદલો શું મળશે? ઇમામે (અ.સ.) જવાબ આપ્યો કે તેને દસ હજ્જ સમાન બદલો મળશે. ઇતિહાસ એ હકીકત સાક્ષી આપે છે કે ઇમામ (અ.સ.) પાસે જયારે પણ કોઇ એ મદદ માગી ત્યારે ઇમામે (અ.સ.) તેની અપેક્ષા કરતાં ઓછું કયારેય પણ આપ્યું ન હતું.(ફુરૂએ કાફી,ભાગ -૪,પાના નં.૩૧૨ હદીસ નં.૨)

સૈયદ ઇબ્ને તાઉસની ઉપર જણાવલી વસીયત એ વાતની સાબિતી આપે છે કે આપણે આપણા તમામ નેક કાર્યોમાં ઇમામે ઝમાના (અ.સ.) ને અગ્રતા આપવી જોઇએ. આમ કરવાથી ઇમામ (અ.સ.) ની ખુશી મેળવી શકાશે. એટલું જ નહીં પરંતુ આપણા કામો કબુલીયતના દરજ્જે પહોચશે અને મહાન સવાબ મળવાને પાત્ર બનશે.

## (૨૭) ઇમામ (અ.સ.) ને દિલથી ચાહવા અને કલામ થકી ઇમામ (અ.સ.) ની મદદ કરવી

એહલેબૈત (અ.સ.) પર આપણી જાન કુરબાન થાય કે જેઓએ આપણને જન્નતનો આસાન રસ્તો બતાવ્યો છે. આ વિષયના પણ અનેક પાસાઓ છે. જેમાંથી આ નાનકડી પુસ્તિકામાં વધુમાં વધુ પાસાઓ આવરી લેવાનો પ્રયત્ન કરવામાં આવશે.

એહલેબૈત (અ.સ.).ના દુશ્મનોથી દૂર રહેવું.

(૧) પયગમ્બર (સ.અ.વ.) એ હઝરત અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ને ફરમાવ્યું કે : ''અય અલી, તમે મારા પછી તમામ મોમીનોના મૌલા છો, તમો તમામ મખ્લુક પર અલ્લાહની હુજ્જત છો. બેશક જે લોકો તમારી વિલાયતને કબુલ કરશે તેઓ માટે જન્નત છે અને જે લોકો તમારી વિલાયતનો ઇન્કાર કરશે તેમના માટે જહન્નમ વાજીબ છે.'' (૨) ''અય અલી એ ઝાતની કસમ કે જેણે મને પયગમ્બર બનાવીને મોકલ્યો છે કે જો કોઇ એક હજાર વર્ષ સુધી અલ્લાહની ઇબાદત કરે તો પણ તેનો

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

અમલ ત્યાં સુધી કબુલ કરવામાં નહીં આવે કે જયાં સુધી તે તમારી તથા તમારા એહલેબૈત(અ.સ.)ની વિલાયતનો સ્વિકાર ન કરે અને તમારા દુશ્મનોથી દૂરી ઈખ્તેયાર ન કરે. અય અલી,આ હદીસ જીબ્રઈલ મારી પાસે વહીરૂપે લાવ્યા. હવે તમે જે લોકોને પસંદ કરો તેને સ્વીકારો અને જે લોકો ન ચાહતા હો તેને દૂર કરો.(રસુલ સ.અ.વ.)

(૩) ઇમામ જાફર સાદિક (અ.સ.) ફરમાવે છે કે : જે કોઇને અમારા શુત્રુઓના કુફ્ર વિશે અને અમારી ઉપર ઝુલ્મ કરનારાઓ વિશે શંકા હોય તો તેવા લોકો પોતે જ 'કાફીર' છે. (વસાએલુશ્શીયા,ભાગ-૧૮ પા.૫૬૧)

(૪) આ વિષય પરની એક હદીસમાં ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) તેમાના શિયાઓને હુકમ આપતા ફરમાવે છે કે : તમારી વાજીબ નમાઝો પુરી થવા પછી તમારી જગ્યાઓથી બની ઉમય્યા પર લાનત કરવા પહેલા હટશો નહીં (શૈખ તુસી કૃત તેહઝીબુલ ઇમામ ભાગ-૨ પા.૧૦૯ હદીસ નં.૧૦૯)

(૫) ઇમામ હસન અસ્કરી (અ.સ.) એ ફરમાવ્યું : અમારા દુશ્મનો પર લાનત કરનારા લોકોનો અવાજ ફરીશ્તાઓ આસમાન પર લઇ જાય છે. ત્યાર પછી તે ફરીશ્તાઓ પણ અમારા દુશ્મનો પર લાનત મોકલે છે. પછી એ ફરીશ્તાઓ એ માણસના વખાણ કરે છે અને તેના માટે ઇસ્તગફાર કરીને તેના માટે અલ્લાહની રહમતની દુઆ માંગે છે. ફરીશ્તાઓ અલ્લાહ પાસે એ માણસ ઉપર રહમત મોકલવવાની દુઆ કરતા કહે છે. કે : આ બંદા એ તારી હુજજતની મદદ કરવા માટે તેનાથી બનતા પ્રયત્નો કર્યા છે. જો તે આનાથી વધારે કાંઇ કરી શકતો હોય તો તે પણ કરત. તે વખતે અલ્લાહ તઆલા ફરમાવે છે કે : અય ફરીશ્તાઓ ! મેં આ માણસ માટે તમારી દુઆઓને કબુલ કરી છે. મારી નેઅમતો અને રહેમતો તેના પર નાઝીલ કરી છે. અને હું તેને મારા મુત્તકી અને મહાન બંદાઓમાં શામીલ કરી દઇશ.(બેહારૂલ અનવાર : ભાગઃ ૫૦ પા.૩૧૭)

(૬) જનાબ અબુ હમઝા શેમાલી ચોથા, પાંચમાં અને છઠ્ઠા ઇમામ (અ.સ.) ના ઝમાનામાં ઇમામ (અ.સ.) ના સહાબી હતા.ઇ.ઝયનુલ આબેદીન (અ.સ.) ને એમ ફરમાવતા સાંભળ્યું કે જે કોઇ દિવસમાં એક વખત'જીબ્ત અને તાગુત' પર લાનત કરે તો અલ્લાહ તઆલા તેના માટે ૭૦,૦૦,૦૦૦ (સિત્તેર લાખ) નેકીઓ લખે છે. અનેતેના ૭૦,૦૦,૦૦૦ (સિત્તેર લાખ)ગુનાહ માફ કરે છે તેમજ તેના દરજજા ૭૦,૦૦૦૦૦ ગણા વધારી દે છે. જો તે રાતના સમયે એક વખત લાનત કરે તો પણ તેના માટે ઉપર મુજબનો બદલો લખવામાં આવશે. અબુ હમઝા શેમાલી કહે છે કે ઇમામે ઝયનુલ આબેદીન (અ.સ.) ની શહાદત પછી,મેં ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ની ખિદમતમાં ઉપરની હદીસ રજુ કરીને એ હદીસની છણાવટ કરવાની વિનંતી કરી. ત્યારે ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) એ મારી પાસેથી આ હદીસ સાંભળીને ફરમાવ્યું કે : તમે ઇચ્છો છો હું આ બદલામાં વધારો કરૂં? તો સાંભળો તમે કોઇ તે (જીબ્ત અને તાગુત)ની ઉપર સવારના સમયે લાનત કરો તો તેના એ દિવસના ગુનાહોને લખવામાં નહી આવે અને જો તે સાંજના સમયે લાનત કરશે તો તેના રાતના સમયના ગુનાહ નોંધવામાં નહીં આવે. અબુ હમ્ઝા શેમાલી કહે છે કે : ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ)ની શહાદત પછી હું ઇમામ જાફર સાદિક (અ.સ.)ની ખિદમતમાં રજુ થયો અને મારા માટે આ હદીસનું વિવરણ કરી આપવાની વિનંતી કરી. ત્યારે છઠ્ઠા ઇમામ અ.એ સવાબમાં વધારો કરતા ફરમાવ્યુઃબેશક અલ્લાહ તઆલા ખુબ જ ઉદાર છે. અને મહાન ખૂબજ મોટો બદલો આપનારો છે. (શેફાએ સુદુર ભાગ-૨ પા.૩૭૯)

ઉપરોકત હદીસમાંથી નીચે મુજબના અગત્યના તારણો નોંધવા જેવા છે.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(૧) મોટા ભાગના શિયાઓ 'જીબ્ત અને તાગૂત' થી પરિચિત છે. તથા આ શબ્દોથી ઓળખાતી વ્યકિતઓને જાણે છે. જે લોકો આ શબ્દથી પરિચિત ન હોય તેઓએ આલિમોનો સંપર્ક કરવો જોઇએ.

(૨) ઉપરની હદીસમાં ગુનાહો માફ થવાની જે વાત દર્શાવવામાં આવી છે તે એવા ગુનાહોની વાત છે કે જે ભૂલથી થયા હોય અથવા બળજબરીપૂર્વક કરાવવામાં આવ્યા હોય. આપણામાંથી કોઇએ એમ માની લેવું ન જોઇએ કે 'જીબ્ત અને તાગુત' પરની લાનત દિવસ અને સાંજના સમયે મનફાવે તેવા ગુનાહો કરવાની પરવાનગી આપે છે.અને તે ગુનાહોની કોઇ સજા આપવામાં નહીં આવે, તેવું પણ માની લેવું ન જોઇએ.

(૩) આપણા બાળકોને આપણે અલ્લાહ એક હોવા વિશેની વાત (તૌહીદ)બાર ઇમામ (અ.સ.) અને ચૌદ માસુમીન (અ.સ.) વિશેની તાલીમ આપીએ છીએ.તેવી જ રીતે આપણે બાળકોને એહલેબૈત (અ.સ.)ના દુશ્મનોથી પણ વાકેફ કરવા જોઇએ. અને ત્યારે જ આપણું ઇમાન સંપૂર્ણ થશે.

## (૨૮)પવિત્ર ઇમામો (અ.મુ.સ.) ની પ્રશંસામાં કલામ રચવા

(૧) ઇમામે સાદિક (અ.સ.) એ ફરમાવ્યું કે જે કોઇ ઇમામ (અ.સ.)ની પ્રશંસામાં અશઆર પઢે તો અલ્લાહ તેને જન્નતમાં એક ઘર અતા કરશે. (વસાએલુશ્શીયા ભાગ -૧૦ પા.૪૩૭ હદીસ ૧)

(૨) બીજી એ હદીસમાં છઠ્ઠા ઇમામ (અ.સ.) એ ફરમાવ્યું : કોઇપણ માણસ એ સમય સુધી ઇમામની પ્રશંસામાં અકીદત કલામ કહી શકતો નથી કે જયાં સુધી તેને (તેનાએ કાર્ય માટે) રૂહુલ કુદસની મદદ હાંસિલ ન થઇ હોય. (વસાએલુશ્શીયા ભાગ-૧૦ પાના નં.૪૬૭ હદીસ ૨)

(૩) ઇમામે રેઝા (અ.સ.)એ ફરમાવ્યું કે જે કોઇ અમારી ફઝીલતને પોતાના કલામ થકી વ્યકત કરે તો અલ્લાહ તેને જન્નતમાં એક મકાન અતા કરશે, જેનું કદ આ દુનિયાના કદ કરતા સાત ગણું મોટું હશે.અલ્લાહ અને તેના પયગમ્બરોની નઝદીકી ધરાવતા તમામ ફરીશ્તાઓ આ મકાનમાં તે શાયરને મળવા માટે આવશે. (વસાએલુશ્શીયા ભાગ-૭ પાના.૪૬૭ હદીસ નં.૩)

(૪) કુમૈલ ઇબ્ને ઝૈદલદી કહે છે કે : હું ઇમામ મોહમ્મદ બાકીર (અ.સ.) ની ખિદમતમાં હાજર થયો. આપે (અ.) મને સંબોધીને કહ્યું : અય કુમૈલ જો મારી પાસે આખી દુનિયાનો ખજાનો હોત તો તેમાંનો મોટો હિસ્સો હું તમને આપી દેત.આમ છતાં હું તમારી પાસે એ શબ્દો દોહરાવું છું,જે ઇમામ (અ.સ.) એ હસ્સાન ઇબ્ને સાબિતને કહ્યા હતા કે જયાં સુધી તમે અમારી ફઝીલતમાં કહેલા અકીદત કલામ પઢતા રહેશો રૂહુલકુદુસ તમને મદદ કરતા રહશે. (રઉઝાએ કાફી ભાગ-૮ પા ૧૦૨)

અહીં સવાલ એ થાય કે જો કોઇ પાસે અકીદત કલામ કહેવાની આવડત કે ક્ષમતા ન હોય તો તેવા માણસે શું કરવું જોઇએ? એ સંજોગોમાં તે માણસે ઇમામ (અ.સ.) ની શાનમાં ઇમામ (અ.સ.) પ્રત્યેની મોહબ્બતના પ્રતિકરૂપે કહેવાએલા અકીદત કલામ (કાવ્યો) એકઠા કરવા જોઇએ.શાયરો એ વાત સારી રીતે સમજી શકશે તેઓ તેમના કલામ રૂહુલ કુદ્દસની મદદ થી જ રચી શકે છે લોકોના સમૂહની વચ્ચે-મુશાયરામાં જયારે અકીદત કલામને દાદ આપવામાં આવે ત્યારે તેમણે એ મદદનો શુક્ર અદા કરવો જોઇએ. આ રીતે શુક્ર અદા કરવાથી તે શાયરની પ્રતિષ્ઠામાં કોઇ ઘટાડો થતો નથી. બલ્કે તેની તૌફીક અનેઅજમાં વધારો થાય છે.

આ તબક્કે તમામ શાયરે એહલેબૈત (અ.સ.) બિરાદરોને વિનંતી છે કે ઇમામે ઝમાના (અ.સ.) ની શાનમાં કહેવાએલા અકીદત કલામની જે કિતાબો છે, તેને વધુમાં વધુ સંખ્યામાં પ્રસિદ્ધ કરાવી ,તેનો પ્રચાર કરવાના વધુમાં વધુ પ્રયત્નો કરવા. આપણે એ વાત સારી રીતે જાણીએ છીએ કે મઝહબના પ્રચારમાં એહલેબૈત (અ.સ.) ની ફઝીલતમાં અકીદત કલામ રચનારા શાયરોએ અગત્યનો

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ભાગ ભજવ્યો છે. તેથી જ તેઓ જ તેઓ લોકોના દિલમાં ઇમામે ઝમાના(અ.સ.) પ્રત્યેની મોહબ્બત પૈદા કરવા માટે મહત્વનો ભાગ ભજવી શકે છે. (ધીમિશિંયર્ફિંફિમિશિળફળ ફ.િ)

## (૨૯)ઇમામ (અ.સ.) માટે દુઆ કરવી

''મીકીયાલુલ મકારીમ ફી ફવાએદલ દુઆ લીલ કાએમ'' નામની તેમની કિતાબમાં આયતુલ્લાહ સૈયદ તકી ઇસ્ફહાનીએ ઇમામે ઝમાના(અ.સ.)માટે દુઆ કરવાના કારણે અને તેમની થતાં ફાયદાઓનું વિગતવાર વર્ણન કરેલ છે. મીકીયાલુલ મકારીમ નામની આ મોટી કિતાબના બે ભાગ છે જેમાં લેખકે ઇમામે ઝમાના (અ.સ.) માટે દુઆ શા માટે કરવી જોઇએ? તે વાતને જુદા જુદા ૧૧૦ કારણો આપીને રજુ કરી છે. અને ઇમામ (અ.સ.) માટે દુઆ કરવા જરૂરત પ્રત્યે આપણને જાગૃત કર્યા છે. તેમજ ઇમામ (અ.સ.) માટે દુઆ કરવાથી દુનિયા અને આખેરતના ૯૦ ફાયદાઓનું વર્ણન પણ કર્યું છે. ખુદ ઇમામે ઝમાના (અ.સ.) એ ફરમાવ્યું છે કે : મારા ઝહુર માટે વધારે દુઆ કરો. (કમાલુદ્દીન ભાગ-૨,પા.૪૮૫ પાના.૨૮૪)

ઇમામે જઅફર સાદિક (અ.સ.) એક હદીસમાં ફરમાવે છે કે : જયારે બની ઇસ્રાઇલ (નામની કૌમ) ને ફીરઔનના ઝુલ્મ અને અત્યાચારથી બચવાની અને તેમની સમસ્યાઓના નિવારણની કોઇ આશા ન રહી,ત્યારે તેઓ બધા જંગલમાં એકઠા મળ્યા અને અલ્લાહતઆલા પાસે રૂદન તથા આજીજી કરીને મદદ માટે દુઆ કરી.આ દુઆનું પરિણામ એ આવ્યું કે : અલ્લાહ તઆલાએ (તે કૌમને મદદગાર બનનાર) હ.મુસા (અ.સ.) ની વિલાદત ૪૦૦ વર્ષ વહેલી કરી. ઇમામે (અ.સ.) આગળ ફરમાવ્યું : મારો ફરઝંદ પણ એ સમય સુધી ઝહુર નહીં ફરમાવે કે જયાં સુધી (આખરી ઝમાનાના) શિયાઓ તેમના માટે દુઆ નહીં કરે.

## (૩૦)ઇમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાના કેટલાક ફાયદાઓ.

(૧) દુઆ કરનાર તેના કાર્યોના હિસાબ વગર જન્નતમાં પ્રવેશ મેળવશે.
(૨) તેને કયામતના દિવસની પ્યાસથી રક્ષણ મળશે.
(૩) તે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા માટે ગર્વરૂપ બનશે.
(૪) તે અલ્લાહના ગઝબથી સુરક્ષિત રહેશે.
(૫) ફરીશ્તાઓ તેના માટે દુઆ કરશે.
(૬) તેના માટે પવિત્ર ઇમામો (અ.સ.) દુઆ કરશે.
(૭) ઇમામ અ. માટે તેની દુઆ કરવાના કારણે તેની પોતાની દુઆઓ કબુલ થશે.
(૮) તે માણસ માટે ઇમામ ઝમાના (અ.સ.) ખાસ દુઆ કરશે.
(૯) અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા તેના ઇમાનને 'સંપૂર્ણ ઇમાન' ગણશે.
(૧૦) તેની ગણત્રી મહાન શહીદોમાં થશે.
(૧૧) તે પવિત્ર ઇમામો (અ.સ.) ની શફાઅત મેળવનાર બનશે.
(૧૨) તે ઇમામ (અ.સ.) ના સાથીદારોના સમૂહમાં શામીલ થશે.
(૧૩) તેને પયગંબર (સ.અ.વ.) ની સાથે રહીને કરવામાં આવતી જેહાદમાં
શહીદ થનાર જેટલો બદલો (સવાબ) મળશે.
(૧૪) દુઆ કરવાની સાથે ઇમામ અ.સ. પ્રત્યેની મોહબ્બતમાં વધારો થશે.
(૧૫) તેની આયુષ્ય લાંબી થશે.
(૧૬) તેના ગુનાહો નેકીમાં બદલાઇ જશે.
(૧૭) તે દુનિયાની અને લોકોના નુકશાન (ખરાબી)થી બચી શકશે.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

(૧૮) તે આખરી ઝમાનાના ભ્રષ્ટાચારથી બચીને રહેશે.
(૧૯) આ દુનિયાની મુશ્કેલીઓથી તે સુરક્ષિત રહેશે.
(૨૦) તેની રોઝીમાં વધારો થશે.
(૨૧) જો તે ઈમામે ઝમાના (અ.સ.) ની હુકુમત પહેલા મુત્યુ પામશે તો તેને (ઈમામ અ.સ.ની હુકુમત દરમ્યાન) જીવતો કરવામાં આવશે.
(૨૨) તેને જાગૃત કે સુવાની હાલતમાં ઈમામે ઝમાના (અ.સ.) ની મુલાકાત નો મૌકો (તક) મળશે.
(૨૩) તેના ગુનાહોને બક્ષી દેવામાં આવશે.
(૨૪) તે હિસાબના દિવસે (કયામતમાં) મોમીનોની શફાઅત કરી શકશે.
(૨૫) આ દુનિયામાં તેને પોતાના મા-બાપ સાથે નેક વર્તન કરવાનો બદલો મળશે. વ્હાલા ભાઈઓ,અહીં ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાના ફકત

અમુક ફાયદાઓ જ રજુ કરવામાં આવ્યા છે. આવા અનેક ફાયદાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. આ બધા ફાયદાઓને કુરઆનની આયતો અને પવિત્ર ઈમામો (અ.સ.)ની હદીસોનું સમર્થન મળેલું છે. હકીકતમાં આપણું સદ્ નસીબ છે કે માટે દુઆ કરવાની તૌફીક મળવા અને તેમાં વધારો થવા માટે નિષ્ઠાપૂર્વક દુઆ કરવી જોઈએ. તમામ લોકોને આ તૌફીક મળતી નથી. ચાલો, આપણે અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા પાસે માઅસુમ ઈમામો (અ.) ને વસીલો બનાવીને દુઆ કરીએ કે તે આપણને ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કરવાની તૌફીક અતા કરે. (આમીન) હવે સવાલ એ થાય કે ઈમામે ઝમાના (અ.સ.) માટે દુઆ કઈ રીતે કરવી? અલબત,આપણા પોતાના શબ્દોમાં પણ ઈમામ (અ.સ.) માટે દુઆ કરી

શકીએ છીએ. અથવા તો બેહતર એ છે કે પવિત્ર ઈમામો (અ.સ.) માટે સૂચવેલી દુઆઓ કરીએ. અહીં ઈમામો (અ.સ.) ની કેટલીક દુઆઓના નામ અને તેની પ્રાથમિક વિગત પ્રસ્તુત કરીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે આ દુઆઓ પડવાથી દુઆઓનો ફાયદો મળી શકશે. આ ઉપરાંત આ દુઆઓ થકી રૂહોને તાજગી મળશે. તેમજ ઈમામ (અ.સ.) ના વહેલા ઝહુર થવા માટે વારંવાર દુઆ કરવાનો ઉત્સાહ જાગશે.(ધીમિીશિંયિઝિીંફિમિ ઈીળફળ ફ.િ)

## (૩૧) ઈમામે ઝમાના (અ.સ.) માટે કેટલીક દુઆઓ.

(૧) દુઆએ ફરજ અલ્લાહુમ્મ કુલ્લે વલીય્યેક.......... આ દુઆ દરરોજની વાજીબ નમાઝની કુનુતમાં પડવી મુસ્તહબ છે. શૈખઅબ્બાસે કુમ્મી 'મુનતહીયુલ અઅમાલ' નામની કિતાબમાં લખે છે કે : ત્રીજી શબે કદર એટલે કે ૨૩ મી માહે. મુબારકે રમઝાનની રાતે અલ્લાહની હમ્દ અને પવિત્ર ઈમામ પર સલવાત મોકલ્યા બાદ આ દુઆ અલ્લાહહુમ્મ કુલ્લે વલીય્યેક....પડવાનું ચુકવું ન જોઈએ. હકીકતમાં હાલતાં-ચાલતાં સૂતાં-બેસતાં,હમેશા આ દુઆ દરેકે પડવી અત્યંત જરૂરી છે.

(૨) દુઆએ ગરીક : ઈમામે સાદિક (અ.સ.) એ જયારે ઝોરારહ નામના સહાબીને ઈમાનના અંતિમ સમયની વિગતો સમજાવી ત્યારે ઝોરારહે ઈમામ અ.ને પુછયું કે : જો કોઈના જીવનનો અંતિમ સમય હોય તો તે હાલતમાં તેણે પોતાનું ઈમાન કેવી રીતેસલામત રાખવું જોઈએ ? ઈમામે ફરમાવ્યું કે : તેણે પોતાની જીંદગીમાં ''દુઆએ - ગરીક'' સતત-અને અવારનવાર પડતા રહેવી જોઈએ. એ દુઆ આ પ્રમાણે છે. દુઆએએ ગરીક : યા અલ્લાહો યા રહમાનો યા રહીમ. યા મોકલ્લેબલ કોલુબ. સબ્બીત કલ્બી અલા દીનેક. (મુનતહિયુલ અઅમાલ)

(૩) દુઆએ અહદ : ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે જો કોઈ ૪૦ દિવસ સુધી નમાઝે સુબ્હ પછી આ દુઆએ અહદ- પડે તો તે ઈમામે ઝમાના (અ.સ.) ની હુકુમતના ઝમાના સુધી

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

અવશ્ય પહોંચશે. અને કદાચ જો તે પહેલા તેનો ઇન્તેકાલ થઇ જશે તો ઝહુરના સમયે ઇમામ (અ.સ.) તેને કબ્રમાંથી ઉભો કરશે. આ ઉપરાંત આ દુઆના દરેક શબ્દના બદલામાં અલ્લાહ સુબ્હાનહુ વ તઆલા દુઆ પડનાર માટે ૧૦૦૦ નેકીઓ લખે છે. અને ૧૦૦૦ ગુનાહો માફ કરે છે. (બેહારૂલ અન્વાર ભાગ - ૧૦૨, પા.૧૧૧)

આવો,આજથી જ આપણે બધા સાથે મળીને એ વાતનો નિર્ણય કરીએ કે

દરરોજ સવારે સુબ્હની નમાઝ બાદ આ દુઆ પડીશું. આ દુઆ પડવામાં દસ મિનિટ કરતાં વધારે સમય લાગતો નથી. આ ઉપરાંત નમાઝે જમાઅત થતી હોય તેવી મસ્જીદોમાં આ દુઆની તિલાવત સામૂહિક રીતે કરાવવાના પ્રયત્નો કરવા જોઇએ.

(૪) દુઆએ નુદબહ : દર શુક્રવારે આ દુઆ પડવાની ઇમામ જઅફર સાદિક (અ.સ.) એ તાકીદ ફરમાવી છે. નુદબહ શબ્દનો અર્થ થાય છે રડવું.જુમ્આનો દિવસ ઇમામે ઝમાના (અ.સ.)ના દિવસે ઇમામે ઝમાના (અ.સ.)ને ચાહનારાઓ તેમના આકા - ઇમામે ઝમાના (અ.સ.)ને દુઆએ નુદબહ થકી સંબોધન કરી બોલાવે છે. આ દુઆના શબ્દો હૃદયને સ્પર્શી જાય તેવા છે. પ્રત્યક્ષ અનુભવ દુઆની તિલાવત (કરી તેના અનુવાદ તરફ ધ્યાન આપ્યા પછી જ થાય છે.)

(૫) દુઆ દર ગૈબતે ઇમામે ઝમાના (અ.સ.) : શૈખ અબ્બાસે કુમ્મીએ આ દુઆને ઇમામ (અ.સ.) ના ખાસ નાએબોના હવાલાથી નોંધી છે. તેઓ ફરમાવે છે કે : જો તમને જુમ્આના દિવસે કોઇ નેક કામ કરવાની તક ન મળે તો આ દુઆની તિલાવત તો જરૂર કરજો. આ દુઆ મફાતિહુલ જીનાન નામની કિતાબમાં છે. જેની શરૂઆતના શબ્દો આ પ્રમાણે છે. :અલ્લાહુમ્મ અર્રીફની નફસક.....

(૬) ઝિયારતે આલે યાસીન : ઇમામે ઝમાના (અ.સ.) ફરમાવે છે કે : જયારે તમે બોલવવા ચાહો ત્યારે આ ઝિયારત પડીને મને બોલાવો. આ દુઆ પણ મફાતિહુલ જીનાનમાં ઝિયારતના વિભાગમાં સરદાબની ઝિયારત ના મથાળા હેઠળ આપવામાં આવી છે. જેની શરૂઆતના શબ્દો આ પ્રમાણે છે..... સલામુન અલા આલે યાસીન.

(૭) અબુ ઝરબ ઇસ્ફહાનીની સલવાત ઇમામે ઝમાના (અ.સ.) એ આ સલવાત દર જુમ્આની અસ્રની નમાઝ પછી પડવાની ભલામણ કરી છે. ઇમામે ઝમાના (અ.સ.) એ પોતે આ સલવાત અબુ ઝરબને તાલિમ ફરમાવી હતી. મફાતિહુલ જીનાનમાં જુમ્આના દિવસે પડવાની ઝિયારતના પ્રકરણમાં આપવામાં આવી છે.

(૮) જુમ્આના દિવસે પડવાની ઇમામે અસ્રની ઝિયારત : આ ઝિયારત પણ મફાતિહુલ જીનાનમાં આપવામાં આવી છે.અને દુઆએ નુદબાની કિતાબના પાછળના પેજ પર આપેલ છે.

(૯)ઇમામે રઝા (અ.સ.) એ ઇમામે ઝમાના (અ.સ.) માટે ફરમાવેલી દુઆઃ ઇમામે રઝા (અ.સ.) પણ ઇમામે ઝમાના (અ.સ.) માટે દર જુમ્આના દુઆ કરતા હતા. આ દુઆ મફાતિહુલ જીનાનમાં દુઆએ અહદ પછી આપવામાં અલ્લાહુમ્મ અદફેહ અન વલીય્યેક.....

(૧૦) દુઆએ અલ્લાહુમ્મ અસ્લેહ...... ઇમામ રઝા (અ.સ.)એ અલ્લાહુમ્મ અસ્લેહ.....શબ્દોથી શરૂ થતી દુઆ નમાઝે અસ્રની કુનુતમાં પડવાની તાકીદ ફરમાવી છે.

(૧૧)દુઆએ ઇલાહી અઝોમલ બલા..... કફઅમી કહે છે કે આ દુઆ એક કૈદીને ઇમામે ઝમાના (અ.સ.) એ તાલીમ કરી હતી. આ દુઆ પડવા પછી તે કૈદીને છુટકારો મળેલ હતો.ચાલો, આપણે પણ ‘‘ગૈબતના ઝમાનામાંથી મુકિત’’મેળવવા માટે આ દુઆ નિયમિત પડીએ. આ દુઆ મફાતિહુલ જીનાનમાં આપવામાં આવેલી છે.જેના શરૂઆતના શબ્દો ઇલાહી અઝોમલ બલા..... છે.

(૧૨)અલ્લાહુમ્મર્ઝુકના તૌફીકતતા’અ..........‘મીસ્બાહ’ નામની કિતાબમાં કફઅમી લખે છે કે : ઇમામે ઝમાના (અ.સ.) તરફથી તાલીમ કરવામાં આવેલી આ દુઆ આપણે વારંવાર પડવી

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

જોઇએ. મફાતિહુલ જીનાનમાં 'ઇલાહી' અઝોમલ બલા....' દુઆ પછી આ આપવામાં આવેલી છે. જેના શરૂઆતના શબ્દો.'અલ્લાહુમ્મર ઝુકના તૌફીકત તાઅ......' છે. ઉપરાંત આ દુઆ મીકયાલુલ મકારીમ સારાંશ (ગુજ.)માં પાછળનાં પેજ ઉપર આપવામાં આવી છે.

(૧૩)સલામુલ્લાહે કામિલુત્તઆમ..........મફાતિહુલ જીનાનમાં અલ્લાહુમ્મર્ઝુકના તૌફીકત તાઅ એ દુઆ પછી આપવામાં આવેલી અને સલામુલ્લાહે કામિલુત્તઆમ..........એ શબ્દોથી શરૂ થાય છે.દુઆએ નુદબાની કીતાબ ની પાછળ ના પેજમાં આપેલ છે.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

**નઝમ**

અબ તો ગયબતકા પરદા હટા દીજીએ
અબ તો જલ્વા નબીકા દીખા દીજીએ,
અબ તો દીદાર અપના કરા દીજીએ,
આઇએ આઇએ, વકતે ઇમદાદ હૈ,
આપસે હમ ફકીરોકી ફરિયાદ હૈ,
હમ ગરીબોકો અબ આસરા દીજીએ,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં...
હક છુપાને પે જો ભી રઝા મંદ હય,
દુશ્મને ફાતેમા કે જો હમદર્દ હય,
ઉન્કી નસ્લોકો મૌલા મીટા દીજીએ,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં...
આપ વારીસ હૈ શેહકે અઝાદાર ભી,
ઔર અઝાદાર શેહકે મદદગાર ભી,
દુશ્મનાને અઝા કો સજા દીજીએ,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં...
દુશ્મનાને અલી સર ઉઠાને લગે,
ફીર અઝાદારે શેહકો સતાને લગે,
ઉન પે શમશીરે હૈદર ચલા દીજીએ,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં...

યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં,
સારી દુનિયા કે હાજત રવા આપ હૈ,
મીસ્લ હૈદર કે મુશ્કીલ કુશા આપ હૈ,
સબકી બીગડી કો મૌલા બના દીજીએ,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં...
બુગ્ઝે હૈદર મે રોશન હૈ જીતને ચિરાગ,
બાટતે હય જો ઘર ઘર અદાવતકી આગ,
ઉન ચિરાગો કો આ કે બુઝા દીજીએ,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં...
મસ્લહત ગર હમે આઝમાને મે હો,
આપકો દૈર મૌલા જો આને મે હો,
ખ્વાબ મે અપની સુરત દીખા દીજીએ,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં...
હય 'ફરીદ' આપકે ઘરકા અદના ફકીર,
આપ ચાહે તો પલભર મે કર દે અમીર,

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com

ઉસ્કી કીસ્મતકો ભી જગા દીજીએ,
યા ઇમામે ઝમાં, યા ઇમામે ઝમાં...

**નઝમ**

ઔર બેકરાર હો ગયે, દિલકો જબ કરાર આ ગયા,
આંખ બંધ કી તો યે લગા, જાને ઇન્તેઝાર આ ગયા.
ઉસ ઘડીકો યાદ કરકે હમ, મુન્તઝીર રહે જનમ જનમ,
આપને કહા થા આયેગેં, હમકો એતબાર આ ગયા.
ફુલ ખીલ ગયે ચમન ચમન, શાખ શાખ બન ગઇ દુલ્હન,
અબ ખીઝા હુઈ હૈ બે વતન, હાંસીલે બહાર આ ગયા.
સર પે તાજ હૈ ગદીર કા, ઝર્બ ઝર્બ ખૈબરી અદા,
એક નયા નયા સા મુર્તઝા, લે કે ઝુલ્ફીકાર આ ગયા.
દેખકર જદીદ અસ્લહે, આપ યુ હી મુસ્કુરા પડે,
જૈસે હુરમલા કે રૂબરૂ, કોઇ શિરખ્વાર આ ગયા.
લે રહા હૈ અલીકા મેહઝબી, ઇન્તેકામે ખુને શાહેદી,
ખુદ રસુલ ને દુઆએ દી, ફાતેમા કો પ્યાર આ ગયા.
હક કો સરબલંદ કર દિયા, આપ કે એક ગુલામ ને,
રુશ્દીયો કા હાલ દેખકર, કુફ્ર કો બુખાર આ ગયા.

ઇન્તેકામે શહે અબ્રાર અભી બાકી હૈ....
એક મચલતી હુઇ તલવાર અભી બાકી હે....
મરહબે અસ્ર કો માલુમ નહીં હૈ શાયદ,
આખરી હૈદરે કર્રાર અભી બાકી હૈ,
જંગ અબ્બાસકી હોની હૈ બશકલે કાએમ,
મુલ્તવી જંગે અલમદાર અભી બાકી હૈ.

PDF created with pdfFactory Pro trial version www.pdffactory.com